**આજનો સુવિચાર**

અધવચ્ચેથી પાછા ફરવાનો કોઈ અર્થ નથી કારણ કે લક્ષ્ય સુધી પહોંચવા માટે તમારે પાછું એટલું જ અંતર કાપવું પડશે.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૮૭ જૂનાગઢ તા.૨૬-૦૩-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 87, Junagadh : Date : 26 March, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## ટ્રમ્પ સામે ફોજદારી કેસ ચાલશે : મુશ્કેલી વધી

ન્યુયોર્ક,તા.૨૬: અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા સ્ટોર્મી ડેનિયલ્સને ચૂપ કરવા માટે પૈસા ચૂકવવાના મામલામાં મુશ્કેલીઓ વધી શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણીમાં રિપબ્લીકન ઉમેદવાર ટ્રમ્પ વિરુદ્ધ કેસમાં ટ્રાયલની તારીખ નક્કી કરવામાં આવી છે. ન્યૂયોર્કના ન્યાયાધીશે આ કેસની સુનાવણી ૧૫ એપ્રિલની તારીખ નક્કી કરી છે. ટ્રમ્પ સામે આ પહેલો અપરાધિક કેસ હશે.

સુનાવણી દરમિયાન ટ્રમ્પે ન્યાયાધીશને ટ્રાયલ મુલતવી રાખવા વિનંતી કરી હતી. જો કે, જજ જુઆન મર્ચને ટ્રમ્પની તમામ વિનંતીઓને ફગાવી દીધી હતી અને ૧૫ એપ્રિલથી ટ્રાયલ શરૂ કરવાનો આદેશ આપ્યો હતો. રિપોર્ટ અનુસાર, ટ્રમ્પ વિરૂદ્ધ ટ્રાયલ સોમવારથી શરૂ થવાની હતી, પરંતુ છેલ્લી ઘડીએ મેનહટન ડિસ્ટ્રીક્ટ એટર્ની એલ્વીન બ્રેગની ઓફિસ ટ્રાયલમાં વિલંબ કરવા માટે સંમત થઈ હતી.

# સ્ટાર પ્રચારકો આચારસંહિતા ભંગ કરશે તો પક્ષની માન્યતા ઉપર ખતરો

ચેન્નાઈ,તા.૨૬: જો પાર્ટીઓ દ્વારા જાહેર કરાયેલ સ્ટાર પ્રચારકો લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન આદર્શ આચારસંહિતાનું ઉલ્લંઘન કરતા જોવા મળશે તો આ વખતે પાર્ટીને ગંભીર પરિણામો ભોગવવા પડી શકે છે. ચૂંટણીપંચે આદેશ આપ્યો છે કે જો સ્ટાર પ્રચારકો દ્વારા આચારસંહિતાનું ઉલ્લંઘન કરવામાં આવશે તો પાર્ટી તેની ઓળખ ગુમાવશે અથવા તેનું ચૂંટણી ચિન્હ જપ્ત કરી લેવામાં આવશે. ચૂંટણી પ્રચાર માટે વિવિધ પક્ષો તેમના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરે છે.

તાજેતરમાં જારી કરાયેલી સૂચનાને ટાંકીને કમિશનના સૂત્રોએ જણાવ્યું હતું કે આ વખતે સામાન્ય ચૂંટણીમાં આદર્શ આચાર સંહિતાના ઉલ્લંઘન માટે પક્ષોને જવાબદાર ઠેરવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ નિર્દેશ મુખ્ય ચૂંટણી અધિકારીઓ અને જિલ્લા ચૂંટણી અધિકારીઓને નિર્દેશ આપે છે કે સ્ટાર પ્રચારકો દ્વારા આચારસંહિતા ભંગના કિસ્સામાં સંબંધિત વ્યકિત, ઉમેદવાર અને સંબંધિત રાજકીય પક્ષને લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ નોટિસ પાઠવવાની વ્યવસ્થા કરવામાં આવે.

# ભારતમાં અતિ સમૃધ્ધ લોકોની સંખ્યા ૧૩૧૯ : પાંચ વર્ષમાં ૭૬ ટકાનો વધારો

નવી દિલ્હી,તા. ૨૬: ભારતમાં ઝડપી આર્થિક વિકાસની વચ્ચે દેશમાં સુપર રિચ લોકોની સંખ્યા પણ ઝડપથી વધી રહી છે. છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં અમીર લોકોની સંખ્યામાં ૭૬ ટકાથી વધુનો વધારો થયો છે. હુરુન ઈન્ડીયા રિચ લિસ્ટ અનુસાર, હાલમાં ભારતમાં ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ ધરાવતા લોકોની સંખ્યા ૧૩૧૯ પર પહોંચી ગઈ છે. આ રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૩માં અમીર લોકોની યાદીમાં ૨૧૬ લોકો જોડાયા હતા. તે જ સમયે, સુપર રિચની આ ક્લબમાં ૨૭૮ નવા લોકો જોડાયા છે. ભારતમાં પહેલીવાર ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ ધરાવતા લોકોની સંખ્યા ૧૩૦૦ને વટાવી ગઈ છે.

## કેજરીવાલ પર નવું સંકટ

# ખાલિસ્તાની જુથો પાસેથી કેજરીવાલે રૂા.૧૩૪ કરોડનું ફંડ મેળવ્યું હોવાના પન્નુનાં ખુલાસાથી સનસનાટી



નવી દિલ્હી,તા.૨૬ શરાબનીતિ કૌભાંડમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સહીતના આમ આદમી પાર્ટીનાં અનેક નેતાઓની ધરપકડ થઈ જ ચુકી છે અને તેનો રાજકીય વિવાદ ચાલી રહ્યો છે.ત્યારે લોકસભાની ચૂંટણીમાં આપ માટે નવુ સંકટ સર્જાવાના એંધાણ હોય તેમ ખાલીસ્તાની નેતા પન્નુએ આમ આદમી પાર્ટીને રૂા.૧૩૪ કરોડ આપ્યા હોવાનો સનસનીખેજ ખુલાસો કર્યો છે.

ખાલીસ્તાની નેતા ગુરપતવંત પન્નુએ સોશ્યલ મિડિયામાં વિડીયો જાહેર કર્યો છે તેમાં વિવિધ ખાલીસ્તાની જુથોએ ૨૦૧૪ થી ૨૦૨૨ દરમ્યાન આમ આદમી પાર્ટીને ૧૬ મીલીયન ડોલર (અંદાજીત ૧૩૩.૫૪) કરોડ રૂપિયાનુ ફંડ આપ્યુ હોવાનું દાવો કર્યો છે. એટલુ જ નહિં રાજકીય ફંડના બદલામાં દેવીંદરપાલસિંહને સુરક્ષીત છોડી મુકવાની અરવિંદ કેજરીવાલે ઓફર કરી હોવાનો પણ ખુલાસો કર્યો છે. દેવીંદરપાલસિંઘ ભુલ્લર ૧૯૯૩ ના દિલ્હી બોંબ ધડાકા કેસમાં સામેલ હતો. આ ઘટનામાં ૯ લોકોનાં મોત થયા હતા અને ૩૧ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

અમેરિકા તથા કેનેડાની બેવડી નાગરિકતા ધરાવતો મૂળ ભારતીય પન્નુ ખાલીસ્તાની નેતા છે અને શીખ ફોર જસ્ટીસ સંગઠનના વડો છે. સોશ્યલ મીડીયામાં રીલીઝ કરેલા વીડીયોમાં તેણે એવો દાવો કર્યો હતો કે ૨૦૧૪માં ન્યુયોર્કનાં ગુરૂદ્વારામાં અરવિંદ કેજરીવાલ તથા ખાલીસ્તાની શીખ નેતાઓ વચ્ચે બેઠક થઈ હતી અને તેમાં કેજરીવાલે દેવીંદરચાલસિંઘને મુકત કરવાનુ વચન આપ્યું હતું.

# વધુ અબજોપતિઓનાં મામલે મુંબઈએ બૈજીંગને પછાડયું

ન્યુયોર્ક, તા.૨૬: માયાનગરી મુંબઈએ ૭ વર્ષ બાદ ફરી તેની ખોવાયેલી સ્થિતિ પાછી મેળવી છે. મુંબઈ હવે અબજોપતિઓના શહેર તરીકે એશિયામાં નંબર વન છે. જ્યારે, મુંબઈ હવે ન્યૂયોર્ક પછી અબજોપતિઓની દ્રષ્ટિએ વિશ્વમાં ત્રીજા ક્રમે છે. ન્યુયોર્ક ૧૧૯ અબજોપતિઓ ધરાવતું શહેર છે. ૯૭ અબજપતિઓ સાથે લંડન બીજા સ્થાને છે. હુરૂનની યાદી અનુસાર, મેક્સી મોમ સિટીએ ૨૬ નવા અબજોપતિઓનો ઉમેરો કરીને ચીનની રાજકીય અને સાંસ્કળતિક મૂડીને પછાડવામાં સફળતા મેળવી છે. બૈજિંગમાં એક વર્ષમાં ૧૮ અબજોપતિઓ હવે કરોડપતિ બની ગયા છે. એટલે કે તે અબજોપતિઓની યાદીમાંથી બહાર થઈ ગયા છે. હવે બૈજિંગમાં માત્ર ૯૧ અબજોપતિ બચ્યા છે અને તે વિશ્વમાં ચોથા અને એશિયામાં બીજા ક્રમે છે. પાંચમા સ્થાને ૮૭ અબજપતિઓ સાથે શાંઘાઈ છે. મુંબઈમાં ૯૨ તો બૈજીંગમાં ૯૧ અબજપતિ છે. મુંબઈના તમામ અબજોપતિઓની કુલ સંપત્તિ ૪૪૫ બિલિયન ડોલર છે. જે ગત વર્ષ કરતા ૪૭ ટકાવધુ છે. જ્યારે, બૈજિંગના અબજોપતિઓની કુલ સંપત્તિ $૨૬૫ બિલિયન છે. જે ગયા વર્ષની સરખામણીમાં ૨૮ ટકા ઓછું છે. એનર્જી અને ફાર્માસ્યુટિકલ્સ જેવા સેક્ટરમાંથી મુંબઈ પર પૈસાનો વરસાદ થઈ રહ્યો છે. મુકેશ અંબાણી જેવા અબજોપતિઓ આમાં ભારે નફો કરી રહ્યા છે.

# વિશ્વનાં અબજોપતિઓની યાદીમાં ભારે ઉથલપાથલ ફ્રાન્સનાં ઉદ્યોગપતિ બર્નાર્ડ આર્નોલ્ડ હવે નં.૧

નવી દિલ્હી, તા.૨૬: વિશ્વના અબજોપતિઓની યાદીમાં ફરી એકવાર મોટો ફેરફાર થયો છે. ફ્રાન્સના ઉદ્યોગપતિ બર્નાર્ડ આર્નોલ્ટ ફરી એકવાર વિશ્વના સૌથી અમીર વ્યકિત બની ગયા છે. તેણે થોડા દિવસો પહેલા નંબર વન અબજોપતિ બનેલા જેફ બેઝોસ પાસેથી તાજ છીનવી લીધો છે. આ મહિને બિલિયોનેર ઈન્ડેક્સમાં ટોચના સ્થાને ઘણી ઉથલપાથલ થઈ હતી.

આ પહેલા એલોન મસ્ક વિશ્વના સૌથી અમીર વ્યકિત હતા. જેફ બેઝોસે તેમના નામ પરથી નંબર વન અબજોપતિનો દરજ્જો છીનવી લીધો. ત્યારબાદ બર્નાર્ડ આર્નોલ્ટ જેફ બેઝોસને હરાવીને વિશ્વના સૌથી અમીર વ્યકિત બન્યા. પછી આર્નોલ્ટ બેજોસને અપાયેલ તાજ છીનવી લીધો અને આજે ફરી એકવાર બર્નાર્ડને તેનો તાજ પાછો મળ્યો છે. વિશ્વના અમીરોની યાદીમાં ભારે ઉથલપાથલ વચ્ચે જેફ બેઝોસ હવે ૨૦૨ અબજ ડોલરની સંપત્તિ સાથે બીજા સ્થાને આવી ગયા છે. બર્નાર્ડ આર્નોલ્ટ $૨૩૦ બિલિયન ડોલરની નેટવર્થ સાથે વિશ્વના સૌથી ધનિક વ્યકતિ બન્યા છે. હવે $૨૦૦ બિલિયન ક્લબમાં બે લોકો છે. વિશ્વના પ્રથમ અને બીજા અબજોપતિ વચ્ચેનું અંતર હવે ૨૮ અબજ ડોલર છે. આનો અર્થ એ છે કે બર્નાર્ડ લાંબા સમય સુધી નંબર વન અબજોપતિ રહી શકે છે.

આજે, એલોન મસ્ક $૧૮૭ બિલિયનની સંપત્તિ સાથે બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સમાં ત્રીજા ક્રમે છે. માર્ક ઝકરબર્ગ $૧૭૮ બિલિયન સાથે ચોથા ક્રમે, બિલ ગેટ્સ $૧૫૩ બિલિયન સાથે પાંચમા, સ્ટીવ બાલ્મર $૧૪૬ બિલિયન સાથે છઠ્ઠા, લેરી એલિસન $૧૩૯ બિલિયન સાથે સાતમા, લેરી પેજ $૧૩૬ બિલિયન સાથે આઠમા ક્રમે છે. વોરેન બફેટ ઈ૧૩૬ બિલિયન સાથે નવમા સ્થાને છે અને સર્ગેઈ બ્રિન $૧૨૯ બિલિયન સાથે ૧૦મા સ્થાને છે. અદાણી ૧૫મા અને અંબાણી ૧૧મા ક્રમે છે.

# દિલ્હીમાં વડાપ્રધાનનાં નિવાસ સ્થાને આપ દ્વારા હલ્લાબોલ



નવી દિલ્હી,તા.૨૬ લીકર એકસાઈઝમાં મની લોન્ડરીંગ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ઈડીએ ધરપકડ કરતા તેના વિરોધમાં આમ આદમી પાર્ટીએ આજે દિલ્હીમાં પીએમ આવાસનો ઘેરાવ કરીને હલ્લાબોલ કરી રહી છે.

દારૂની એકસાઈઝ ડયુટીમાં મની લોન્ડરીંગના આરોપસર ઈડીએ તાજેતરમાં દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલની ધરપકડ કરી હતી, જેની સામે આમ આદમી પાર્ટીના કાર્યકરોમાં રોષ ફાટી નીકળ્યો છે.

કેજરીવાલની ઈડી દ્વારા ધરપકડના વિરોધમાં આજે આમ આદમી પાર્ટીના કાર્યકરોએ વડાપ્રધાન મોદીના આવાસ સામે વિરોધ પ્રદર્શન કરી હલ્લાબોલ કર્યું હતું.

આમ આદમી પાર્ટીના વિરોધ પ્રદર્શનને પગલે દિલ્હીમાં ટ્રાફીક વ્યવસ્થાને અસર પડી છે. તુગલક રોડ, સફદર જંગ રોડ અને કમાલ રોડ, અતાતુર્ક માર્ગ પર કોઈપણ વાહનને કયાંય પણ ઉભું રહેવા કે પાર્ક કરવાની મંજુરી નથી આપી. આમ આદમી પાર્ટી દ્વારા પ્રદર્શનના કારણે પટેલ ચોક, મેટ્રો સ્ટેશન બાદ બહારના સુરક્ષા દળોને તૈનાત કરવામાં આવ્યા છે. ટ્રાફિક પોલીસે એડવાઈઝરી પણ જાહેર કરી છે.


## દેશમાં દર ત્રીજી વ્યકિત હાઈપરટેન્શનનો શિકાર

નવી દિલ્હી, તા.૨૬: દર ત્રીજો વ્યકિત હાઈપરટેન્શનની સમસ્યાથી પીડાઈ રહ્યો છે. ICMRના નવા અભ્યાસમાં બહાર આવ્યું છે કે દેશમાં લગભગ ૩૪ ટકા લોકો હાઈપરટેન્શનનો શિકાર છે. દેશના જિલ્લાઓ પર નજર કરીએ તો આ આંકડો ૧૫.૬ ટકાથી ૬૩.૪ ટકા નોંધાયો છે. જો આપણે ભારતના તમામ જિલ્લાઓ પર નજર કરીએ તો, ૫૦.૧ થી ૬૩.૪ ટકાની વચ્ચેના ૨૫ જિલ્લાઓમાં હાઈપરટેન્શનનો વ્યાપ સૌથી વધુ હતો. જ્યારે ૧૬૫ જિલ્લામાં આ દર ૪૦.૧ થી ૫૦ ટકા નોંધાયો હતો.

દેશમાં જે રીતે ખાદ્યપદાર્થોની ગુણવત્તા ઘટી રહી છે અને જીવનશૈલી બદલાઈ રહી છે, જેના કારણે સ્વાસ્થ્ય સંબંધિત અસંખ્ય સમસ્યાઓ ઊભી થઈ રહી છે, તે ઉપરાંત તણાવ, આ બધું મળીને ભારતીયોને અંદરથી બીમાર કરી રહ્યું છે. આ રીતે ખવાય છે. આ સ્વાસ્થ્ય સમસ્યાઓમાંની એક પ્રીપ્રહાઈપરટેન્શન છે.

## ચોટીલા - રાજકોટ હાઈવે પર આપાગીગાનાં ઓટલા નજીક સર્જાયેલ ગમખ્વાર માર્ગ અકસ્માતમાં

# દર્દીને લઈ જતી એમ્બ્યુલન્સ ટ્રક પાછળ અથડાતા ત્રણનાં કરૂણ મોત



સુરેન્દ્રનગર તા. ૨૬ ચોટીલા-રાજકોટ હાઈવે ઉપર એમ્યુલન્સ અને ટ્રક વચ્ચે અકસ્માતની ગોઝારી ઘટના સામે આવી છે. આ અકસ્માતમાં એમ્બ્યુલન્સના ડ્રાઈવર સહિત ત્રણ લોકોનાં મોત નીપજયાં છે. આ અકસ્માત અંગે મળતી માહિતી મુજબ ચોટીલાથી રાજકોટ જતી એમ્બ્યુલન્સનો ગત રાત્રે આપાગીગાના ઓટલા નજીક ટ્રક સાથે અકસ્માત થતાં એમ્બ્યુલન્સમાં સવાર દર્દી સાથે રહેલા તેમનાં બેન તથા દીકરી સહિત એમ્બ્યુલન્સ ડ્રાઈવરના કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતાં

મળતી માહિતી મુજબ ગતરાત્રે ૧૦.૩૦ કલાક આજુબાજુ ચોટીલા તાલુકાના રાજપરા ગામે રહેતાં કાજલબેન હરેશભાઈ મકવાણા (ઉ. વ. આશરે ૩૫) ચોટીલા રેફરલ હોસ્પિટલે તેમની ૧૮ વર્ષીય દીકરી તથા દીકરા સાથે સારવાર લેવા આવ્યાં હતાં. ત્યારે તેમનાં રાજકોટમાં રહેતાં બહેન તથા બનેવીને પણ ચોટીલા બોલાવ્યાં હતાં. ચોટીલા રેફરલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દર્દીને વધારે તકલીફ થતી હોવાથી ડોક્ટરે રાજકોટ હોસ્પિટલ લઈ જવા જણાવ્યું હતું.

આ સમયે સરકારી એમ્બ્યુલન્સ રાજકોટ વર્ધી લઈને ગઈ હોવાથી ખાનગી એમ્બ્યુલન્સમાં દર્દીને લઈ જવામાં આવી રહ્યા હતા. જેમાં દર્દી કાજલબેન હરેશભાઈ મકવાણા(ઉ. વ. આશરે ૩૫ રહે. રાજપરા) અને સાથે તેમની દીકરી પાયલ હરેશભાઈ મકવાણા (ઉ. વ. ૧૮ રહે. રાજપરા) અને તેમનાં મોટાબેન અને બનેવી તથા પુત્ર સાથે ખાનગી એમ્બ્યુલન્સમાં રાજકોટ જવા નીકળ્યાં હતાં. આ દરમિયાન ચોટીલાથી રાજકોટ તરફ આપાગીગાના ઓટલા નજીક એમ્બ્યુલન્સ ટ્રક સાથે ધડાકાભેર અથડાતાં એક સાઈડનો ફૂચડો બોલી ગયો હતો. સ્થાનિકોએ ૧૦૮ને જાણ કરતાં ૧૦૮ની મદદથી બધા દર્દીઓને ચોટીલા રેફરલ હોસ્પિટલ લાવવામાં આવતા ફરજ પરના ડોક્ટરે ગીતાબેન જયેશભાઈ મિયાત્રાને મૃત જાહેર કર્યા હતાં. તેમજ પાયલ હરેશભાઈ મકવાણા અને એમ્બ્યુલન્સના ડ્રાઈવર વિજય જીવાભાઈ બાવળિયા (ઉ. વ. આશરે ૪૦ રહે. ચોટીલા)ને ૧૦૮ મારફતે રાજકોટ રિફર કરાયા હતા. જે બંને રાજકોટ પહોંચતા પહેલાં જ મૃત્યુ પામ્યાં હતાં.

## અમેરીકાનાં ફલોરીડામાં ૧૪ વર્ષ સુધીનાં બાળકો માટે સોશિયલ મીડીયા પ્રતિબંધિત

ફલોરિડા, તા. ૨૬ ડીજીટલ ટેકનોલોજી-સોશ્યલ મીડિયાના વળગણથી બાળકોમાં અનેક પ્રકારે નુકસાન થતું હોવા વિશે વિશ્વભરમાં ચિંતા વ્યકત થતી જ રહી છે ત્યારે ફલોરિડામાં બાળકોના સોશ્યલ મીડિયા એકાઉન્ટ માટે માતા-પિતાની સંમતિ ફરજીયાત બનાવવામાં આવી છે. આ નવા કાયદા હેઠળ ૧૪ વર્ષના બાળકો માટે સોશ્યલ મીડિયાનો ઉપયોગ સંપૂર્ણ પ્રતિબંધિત રહેશે જયારે ૧૫ વર્ષ-૧૬ વર્ષથી નાની ઉમરના બાળકોને સોશ્યલ મીડિયામાં સામેલ થવા માતા-પિતા કે વાલીની મંજુરી લેવી પડશે. આ કાયદાનું પાલન કરવામાં નિષ્ફળ કંપનીઓ માટે ભારેખમ દંડની પણ જોગવાઈ કરવામાં આવી છે. ફલોરિડામાં ૧૪ વર્ષ સુધીના બાળકો સોશિયલ મીડિયા એકાઉન્ટ બનાવી અથવા તેનો ઉપયોગ કરી શકશે નહીં.

# લઘુત્તમ વેતનપ્રથા હવે ખતમ થઈ જશે : આગામી વર્ષે નવી પધ્ધતિ આવશે

નવી દિલ્હી,તા.૨૬: કેન્દ્ર સરકાર દેશમાં લઘુત્તમ વેતનની વ્યવસ્થાને ખતમ કરવાની તૈયારી કરી રહી છે. તેના બદલે આગામી વર્ષથી દેશમાં લિવિંગ વેજ સિસ્ટમ લાગુ કરવાની યોજના છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારે આ સિસ્ટમની રૂપરેખા તૈયાર કરવા માટે ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (આઈએલઓ) પાસેથી ટેકનિકલ મદદ માંગી છે. લિવિંગ વેતન એ લઘુત્તમ આવક છે જેના વડે કામદાર તેની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરી શકે છે. આમાં આવાસ, ખોરાક, આરોગ્ય સંભાળ, શિક્ષણ અને કપડાંનો સમાવેશ થાય છે. ILOએ આ મહિનાની શરૂઆતમાં તેને મંજૂરી આપી હતી. સરકારનો દાવો છે કે આ મૂળભૂત લઘુત્તમ વેતન કરતાં વધુ હશે. એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, અમે એક વર્ષમાં લઘુત્તમ વેતનથી આગળ વધી શકીએ છીએ. ૧૪ માર્ચે જીનીવામાં આયોજિત ગવર્નિંગ બોડીની ૩૫૦મી બેઠકમાં લઘુત્તમ વેતન સંબંધિત સુધારાઓને મંજૂરી આપવામાં આવી હતી. ભારતમાં ૫૦ કરોડથી વધુ કામદારો છે અને તેમાંથી ૯૦ ટકા અસંગઠિત ક્ષેત્રમાં છે. તેમને રોજનું લઘુત્તમ વેતન રૂ. ૧૭૬ કે તેથી વધુ મળે છે. તે તમે કયા રાજયમાં કામ કરી રહ્યા છો તેના પર નિર્ભર છે. જોકે, ૨૦૧૭થી રાષ્ટ્રીય સ્તરે લઘુત્તમ વેતનમાં કોઈ સુધારો કરવામાં આવ્યો નથી. આ રાજયો માટે બંધનકર્તા નથી અને તેથી કેટલાક રાજયોમાં વેતન તેના કરતા પણ ઓછું છે. ૨૦૧૯માં પસાર કરાયેલ વેતન સંહિતા હજુ અમલમાં આવવાની બાકી છે. તે વેતન માળખું પ્રસ્તાવિત કરે છે જે તમામ રાજયો માટે બંધનકર્તા રહેશે.

# ભારતમાં ટીબી સામેની વિશ્વની પ્રથમ વેકસીનનાં માનવ પરીક્ષણનો પ્રારંભ

હૈદરાબાદ તા. ૨૬

ટ્યુબરકલોસિસ.... એટલે કે આપણે જેને ક્ષય-રોગ તરીકે ઓળખીએ છીએ અને તેને શ્વેત મૃત્યુ તરીકે પણ ઓળખવામાં આવે છે તેના કારણે ખાસ કરીને થતા મૃત્યુ એ ભારત માટે ચિંતાનું કારણ બની ગયા છે તે સમયે કોરોના કાળમાં જાણીતી થયેલી હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક દ્વારા વિશ્વની પ્રથમ માઈક્રોબેકટેરીયલ ટ્યુબરકલોસીસ વેકસીન જેને સ્મ્ઠછ૩ઞ તરીકે ઓળખવામાં આવે છે તેની કલીનીકલ ટ્રાયલ શરૂ કરી છે.

ભારત બાયોટેક ફાર્મા કંપની બાયોફેબ્રી સાથે આ માટે સહયોગ કર્યા છે. ભારતમાં અને વિશ્વમાં હાલ ટીબી સામે સુરક્ષા આપે તેવી કોઈ વેકસીન નથી. દેશમાં હાલ બાળકોને બીસીજીની રસી આપવામાં આવે છે પણ તે એક તબકકે ટીબી સામે પુરી રીતે અસરકારક નથી અને ખાસ કરીને યુવા વયે આપી શકાય તેવી વેકસીન બનાવવી જરૂરી બની ગયું હતું.


વિશ્વમાં ટીબીના કારણે વર્ષે ૧૬ લાખથી વધુ મોત થાય છે. બાયોફેબ્રી ત્રણ દશકાથી આ ક્ષેત્રે રીસર્ચ કરી રહી હતી અને તેમાં હવે પ્રારંભીક કલીનીકલ સફળતા મળતા તેને માનવ પર પરિક્ષણ માટે મંજુરી મળી છે.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**



**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**


CMYK CMYK CMYK

# શ્રીજી દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટ સમઢીયાળા ગીર દ્વારા ધુળેટી પર્વની ધામધૂમથી ઉજવણી કરાઈ



જૂનાગઢ તા.૨૬

જેના જીવનમાં જીવતરના રંગોની જ ઉણપ છે અને શારીરિક દિવ્યાંકતા ધરાવતા આ બાળકો ને વર્તમાન સમય સાથે અને સમાજ જીવન સાથે તાલ મેળવતા હોળી પર્વની ઉજવણી કરવામાં આવી હતી સંસ્થાના સંચાલક દ્વારા આ માટે આયોજન કરવામાં આવેલ હતું સરસ મજાના આહલાદક વાતાવરણમાં સવારના સમયે ડીજેના તાલે વિવિધ રંગોથી આ બાળકો સાથે સંસ્થાના ટ્રસ્ટી મંડળ અને સમઢીયાળા ગામના નગરજનો સાથે મળીને ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવેલ હતી વિવિધ રંગી રંગો વચ્ચે આ દિવ્યાંગ બાળકો રાસ ગરબા રમીને આનંદિત થયા હતા અને ખૂબ જ ખુશ થયા હતા. આ તકે સંસ્થાના સંચાલક શ્રી કૌશિકભાઈ જોશી એ તમામનો આભાર માન્યો હતો અને આ બાળકોને આવો જ પ્રેમ અને હૂંફ મળતા રહે તેવી લાગણી વ્યક્ત કરી હતી તેમની યાદીમાં આ જાણવામાં આવેલ છે.

# જૂનાગઢમાં પોલીસ પરિવાર દ્વારા ધૂળેટી પર્વની ઉજવણી : શુભકામના પાઠવાઈ





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૬

જૂનાગઢમાં ગત રવિવારે હોળી પર્વની સર્વત્ર શાંતિપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી અને તેના બીજા દિવસે એટલે કે ગઈકાલે સોમવારે ધૂળેટીનું પર્વ ઉત્સાહભેર મનાવવામાં આવ્યું હતું. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ તેમના નિવાસ સ્થાને પોલીસ પરિવાર માટે ધૂળેટી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. પોલીસ વિભાગના અધિકારી-કર્મચારી અને તેમના પરિવારજનોએ સાથે મળી ધૂળેટીના રંગે રંગાયા હતા અને એકબીજાને શુભેચ્છા પાઠવી હતી.

# મેંદરડા તાલુકાના હરીપર ગામે ગેરકાયદેસર મંડળી રચી હુમલો : પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૬

મેંદરડા તાલુકાના હરીપર ગામે ગેરકાયદેસર મંડળી રચી હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, ફરિયાદી હર્ષદભાઈ જીતેન્દ્રભાઈ રાઠોડ (ઉ.વ.૨૧)(રહે.રાજકોટ, સત્યસાંઈ રોડ, આસોપાલવ બંગલોઝ એ-૭૪)એ આ કામના આરોપી પૃથવાન સોમનાથભાઈ સોમવંશી, વિશુ સોમનાથભાઈ સોમવંશી રહે.માધુપુર, દેવાંગ અશ્વિનભાઈ કેશવાલા, સૌરવ અરવિંદભાઈ કેશવાલા રહે.તાલાળા અને તેની સાથે આવેલા ચાર અજાણ્યા માણસો વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપી નં-૧ તથા ૨ની બહેનનું ફરિયાદીના મિત્ર મોહીન સાથે લફરૂ હોય જેનો ખાર રાખી તા.૨૫-૩-૨૪ના વહેલી સવારના આશરે સાડા ત્રણેક વાગ્યે આ કામના આરોપીઓ ગેરકાયદેસર મંડળી રચી હાથમાં લાકડાનો ધોકો, પાઈપ તથા છરી લઈ આવી ફરિયાદીને ભુંડી ગાળો બોલી ફરિયાદીના ફાર્મની જાળીમાં ધોકા પછાડી ફરિયાદીની ફોરવ્હિલ કારના કાચ તોડી નાખી નુકશાની કરી ફરિયાદીને મારી નાખવાની ધમકી આપી જીલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવની વધુ તપાસ મેંદરડાના પીએસઆઈ એસ.એન. સોનારા ચલાવી રહ્યા છે.

# જૂનાગઢમાં રંગોના તહેવાર ધૂળેટી પર્વની ઉત્સાહભેર ઉજવણી





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ શહેરમાં ગત રવિવારે હુતાસણી પર્વની આસ્થાભેર ઉજવણી થઈ હતી અને ગઈકાલે સોમવારે રંગોના તહેવાર એવા ધૂળેટી પર્વની પણ યુવા વર્ગે ઉત્સાહભેર ઉજવણી કરી હતી. શહેરના અનેક વિસ્તારોમાં, સોસાયટીઓમાં, મુખ્ય માર્ગો ઉપર યુવાનો પોતાના મિત્રો સાથે રંગોની બોછાળ પરસ્પર ઉછાળતા હતા. અબીલ ગુલાલ તેમજ કલરથી એકબીજા ઉપર રંગો છાંટી અને ધૂળેટી પર્વને ઉજવવામાં આવતું હતું અને પરસ્પરને ધૂળેટી પર્વની શુભકામના પાઠવવામાં આવતી હતી અને રંગ બરસે ભીગે ચુનરીયા રંગ બરસે જેવો માહોલ સર્જાયો હતો.(તસ્વીર : ધીરૂ સોની)

# મેંદરડા તાલુકાના આલીધ્રા ગામે હુમલો : ત્રણ સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૬

મેંદરડા તાલુકાના આલીધ્રા ગામે હુમલાનો બનાવ બનવા પામેલ છે અને ત્રણ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે ફરિયાદી ભૌતિકભાઈ ભરતભાઈ વામજા (ઉ.વ.૨૦)(રહે.આલીધ્રા ગામ વાળા)એ સોહીલભાઈ અલ્લારખાભાઈ જોધપરા, ચીરાગભાઈ અલ્લારખાભાઈ જોધપરા, અલ્લારખાભાઈ સુલતાનભાઈ જોધપરા રહે.આલીધ્રા વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓના ઘરે આજથી એકાદ મહિના પહેલા દારૂની રેઈડ પડેલ હોય અને ઈંગ્લીશ દારૂ પકડાયેલ હોય અને જે દારૂ ફરિયાદીના ભાઈએ પકડાવેલની શંકા રાખી આ કામના આરોપી નં-૧નાએ પોતાના પેન્ટના નેફામાંથી છરી કાઢી ફરિયાદીના ભાઈને ડાબા હાથ તથા છાતી તથા ડાબા પડખામાં છરી વડે ઈજા કરી તથા આરોપી નં-૨નાએ લાકડી વડે ફરિયાદીને તથા તેમના નાના ભાઈને પીઠના ભાગે લાકડીના બે-બે ઘા મારી તથા આરોપી નં-૧થી ૩નાઓએ ફરિયાદી તથા તેમના ભાઈને શરીરે ઢીકાપાટુનો માર મારી તથા જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવની વધુ તપાસ મેંદરડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.આર. વાળા ચલાવી રહ્યા છે.

# વિસાવદર : લુંટ તથા અપહરણના ગુનાનો આરોપી ઝડપાયો



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ મહાનિરીક્ષક નીલેશ જાંજડીયાની સુચના તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાની સુચના તથા નાયબ પોલીસ અધિક્ષક હિતેશ ધાંધલ્યાનાં સીધા માર્ગદર્શન હેઠળ વિસાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમા તા.૧૮-૩-૨૦૨૪ના રોજ બનેલ લુંટ તથા અપહરણના ગુનાના આરોપીને પકડી પાડવા સુચન કરેલ હોય જે અન્વયે વિસાવદર પો.સ્ટે. પોલીસ ઈન્સપેક્ટર આર.બી. ગઢવી તથા પોલીસ સ્ટાફ દ્વારા ઉપરોક્ત સુચનને ધ્યાને લઈ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઈન્સ. એસ.આઈ.સુમરા તથા પોલીસ સ્ટાફ દ્વારા આ કામના આરોપી શ્રીરાજ મકવાણા રહે.મોણીયા તા.વિસાવદર વાળાની તપાસમા હતા દરમ્યાન આ ગુનાના કામે ફરીયાદીની મોટરસાયકલ સોમનાથ-રાજકોટ હાઈવે ઉપર આવેલ પરફેક્ટ હોટલ, ગોંડલ ખાતેથી ફરીયાદીની હીરો સ્પ્લેન્ડર પ્લસ મો.સા. રજી.નં. જીજે-૧૧-સીએફ-૧૫૭૭વાળી કિ.રૂા.૩૦,૦૦૦/- તપાસ દરમ્યાન કબ્જે કરેલ છે તેમજ આરોપીની ટેકનીકલ તથા હ્યુમન સોર્સથી તપાસ કરતા આ કામના આરોપી હાલ દ્વારકા મુકામે હોવાનું જણાતા દેવભૂમિ દ્વારકા જીલ્લાની એલ.સી.બી.ના પો.સ્ટાફ સાથે સંકલનમાં રહી દેવભૂમિ દ્વારકા જીલ્લાની એલ.સી.બી.ના પો.સ્ટાફની મદદથી આરોપી શ્રીરાજ ઉર્ફે બારોટ ઉર્ફે રાજ ઉર્ફે ભગો ઉર્ફે જીવણો મનસુખભાઈ મકવાણા, બારોટ(ઉ.વ.૨૫) ધંધો-મજુરીકામ રહે.મોણીયા ગામ તા.વિસાવદર જી.જૂનાગઢ વાળાને દ્વારકા મુકામેથી પકડી પાડી તેની પાસેથી ઓપો કંપનીનો એ૫૭ એન્ડ્રોઈડ મોબાઈલ ફોન મળી આવેલ જે બાબતે આરોપીની પુછપરછ કરતા મોબાઈલ આરોપીએ ચોટીલા મુકામે એક ઈસમ પાસેથી જુટવી લીધેલ હોવાનું જણાવેલ અને આરોપીને ધોરણસર અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે અને આ કામે આગળની વધુ તપાસ પો.સબ.ઈન્સ. એસ.આઈ. સુમરા ચલાવી રહ્યા છે.

# સાંપ્રત એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે દિવ્યાંગ બાળકો સાથે હોળી પર્વ મનાવાયું



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૬ : જૂનાગઢ દિવ્યાંગ બાળકોની સંસ્થા સાંપ્રત એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે ડીજેના તાલે વિશિષ્ટ શક્તિ ધરાવતા દિવ્યાંગ બાળકો સાથે હોળી ખેલવાનું આયોજન કર્યું હતું. આ તકે સંસ્થાના પ્રમુખ મહેન્દ્રભાઈ પરમાર, યુવા મોરચાના ઉપાધ્યક્ષ ઋષિકેશભાઈ મર્થક, પ્રદીપસિંહ વાઘેલા, અજયભાઈ ચાવડા, ગૌતમભાઈ ચાવડા ઉપસ્થીત રહ્યા હતા અને દિવ્યાંગ બાળકો સાથે હોળી ખેલી સૌને હોળીની શુભકામનાઓ પાઠવી હતી.

# જોષીપરાનાં કન્યા છાત્રાલય નજીક ફરીવાર પાણીની લાઈન તુટી જતાં ચોતરફ પાણી ફેલાયું



જૂનાગઢ તા. ૨૬ : જોષીપરાનાં કન્યા છાત્રાલય પાસે અભિષેક એપાર્ટમેન્ટની બાજુમાં પાણીની લાઈન લીકેજ થતાં ચોમાસા જેવું વાતાવરણ સર્જાયું છે અને પાણીનો પ્રવાહ વહેવા લાગ્યો છે. થોડા દિવસ પહેલા જોષીપરામાં કન્યા છાત્રાલય નજીક રોડનું ખોદકામ કરી નાંખતા અહીં પસાર થતાં લોકો તથા બોર્ડની પરીક્ષાનાં વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલી સર્જાણી હતી. ઉગ્ર રજુઆત બાદ તાત્કાલીક આ કામ થયુ હતું અને રસ્તાનું લેવલ રાતોરાત કરવામાં આવ્યું હતું. પરંતુ કંઈક ને કંઈક ખામી અવાર નવાર સર્જાતી રહે છે. આ દરમ્યાન રસ્તાનાં ખોદાણ દરમ્યાન લાઈન તુટી હતી જે મનપા તંત્રએ રીપેર કરી હતી પરંતુ ચાર દિવસ બાદ ફરીવાર પાણીની લાઈન લીકેજ થઈ અને તુટી જતાં પાણી પાણી સર્જાયું છે. મનપા તંત્ર લોલમલોલ કામગીરી કરતી હોવાની અનેક ફરીયાદોને પગલે લોકોમાં રોષ જોવા મળે છે.

# પરબવાવડી ગામનાં યુવાનનું અપહરણ કરી માર માર્યો

જૂનાગઢ તા. ૨૬

પરબવાવડી ગામનાં યુવાનનું અપહરણ કરી અને માર મારવામાં આવ્યો હોવાનો બનાવ બનવા પામેલ છે. ભેંસાણ તાલુકાનાં મેંદપરા ગામનાં વિજય ઉર્ફે પલ્લો ભીખાભાઈ ભાસા નામનાં ઈસમને તેમની પત્ની સાથે મનમેળ ન હોય ત્રણ વખત છુટાછેડા થઈ ગયા હતાં અને પાછા સમાધાન કરી બંને ભેગા રહેવા લાગ્યા હતાં. દરમ્યાન વિજય ઉર્ફે પલ્લોને તેની પત્નીને પરબવાવડી ગામનો વિનોદભાઈ ઉર્ફે વિકી નાનજીભાઈ સાસીયા ચડાવતો હોવાનો શક હતો. જેનું મનદુઃખ રાખી વિજય વિનોદને બરજબરીથી મોટર સાયકલ ઉપર બેસાડી તેનું અણહરણ કરી માર મારી અને તેના કાકા ધરમશીભાઈને મારી નાંખવાની ધમકી આપી હોવાની ફરીયાદ યુવકે પોલીસમાં નોંધાવતાં ભેંસાણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## માંગરોળનાં મેણજ ગામે ગળાફાંસો ખાઈ પ્રૌઢનો આપઘાત

જૂનાગઢ તા. ૨૬

માંગરોળનાં મેણજ ગામે રહેતા મનસુખભાઈ રામભાઈ ચુડાસમા (ઉ.વ. ૫૫)એ ગઈકાલે ધુળેટીનાં દિવસે સાંજે ગળફાંસો ખાઈને જીવાદોરી ટુંકાવી દેતાં ગમગીની વ્યાપી ગઈ હતી.

# સોમનાથ-વેરાવળમાં હોળી-ધૂળેટીના તહેવારમાં સેવા કાર્ય



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૬

સોમનાથ-વેરાવળમાં વેરાવળ સ્થિત શ્રી રાઘવ સેવા મંડળ દ્વારા દર મહિને ૧૨૦ જેટલા જરૂરતમંદ લાભાર્થીઓને વીનામૂલ્યે અનાજની કીટ આપવામાં આવે છે. પરંતુ હોળી-ધૂળેટીના તહેવારો અનુલક્ષી ધાણી, દાળીયા, ખજુર, મમરા, સેવ વિગેરેની આશરે ૨૫૦ રૂપીયાની કિંમતની આ કીટ સર્વ જ્ઞાતિઓને આપવામાં આવી હતી અને ગરીબો તથા જરૂરતમંદો આનંદથી તહેવારો ઉજવી શકે તે માટે આ સેવાકાર્ય હાથ ધરાયું હતું. જેમાં ભનુભાઈ ચોપડા, તેની ટીમના સભ્યો ગોવિંદ ચોપડા, રમેશ કોડીયાતર, ચંદુ સુચક, બિપીનભાઈ, ગોપાલભાઈ, અનિલ કાનાબાર, દિનેશ વૈદ્ય સહિત સર્વ સહયોગી બન્યા હતા.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ જીલ્લા પંચાયતનાં નિવૃત અધિકારી તથા વિહીપનાં પૂર્વ મંત્રી અને શ્રી નાથડીયા ઉનેવાળ બ્રહ્મસમાજનાં પૂર્વ ટ્રસ્ટી શ્રી કેશુભાઈ એમ. દવે (ઉ.વ. ૯૧) તે ગં.સ્વ. સવીતાબેન મહેતા (જૂનાગઢ) અને શ્રી મનસુખભાઈ દવે (વેરાવળ)નાં મોટાભાઈ તથા શ્રી અમરીશભાઈ (અંકલેશ્વર), હિતેશભાઈ (સ્વામી વિવેકાનંદ હાઈસ્કુલ), ધર્મેશભાઈ (અંકલેશ્વર)નાં પિતા તથા પ્રતિભા, પૂજા, અર્ચનાનાં સસરા અને દિશીતા, અભિષેક, ઋષી અને વિવાનનાં દાદા તા. ૨૫-૩-૨૪ સોમવારનાં રોજ સ્વર્ગવાસી થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૨૮-૩-૨૪ને ગુરૂવારનાં રોજ શ્રી નાથડીયા ઉનેવાળ બ્રહ્મ સમાજની વાડી, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતે ૩ થી ૫ રાખવામાં આવેલ છે. (મો. ૯૪૨૬૨ ૮૭૬૫૫, ૯૪૨૮૯ ૫૩૩૮૯, ૯૬૨૪૪ ૫૩૨૭૬)

# અદાણી પોર્ટની કાર્ગો સંચાલનમાં સિદ્ધિ, ફરી સર્જી વિક્રમોની વણઝાર!

## ૭૦ લાખ કન્ટેનર અને ૪૦૦૦ જહાજોનાં સફળ સંચાલનનો નવો



અમદાવાદ તા.૨૬

ભારતમાં સૌથી મોટી સંકલિત પરિવહન યુટિલિટી અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ **(APSEZ)** સતત નવા વિક્રમોની વણઝાર સર્જી રહ્યું છે. દરિયાઈ અને લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં **APSEZ** એ વિશાળ જથ્થાના કાર્ગોને હેન્ડલ કરવામાં નવા બેન્ચમાર્ક્સ સેટ કર્યા છે. ભારતમાં કોઈપણ ટર્મિનલ ખાતે સૌ પ્રથમવાર સર્વાધિક **TEU,** જહાજોનું સંચાલન અને ઓછામાં ઓછો ટર્નઅરાઉન્ડ ટાઈમ સુનિશ્ચિત કરવાની નોંધપાત્ર સિદ્ધિ સાથે **APSEZ** એ નામ રોશન કર્યું છે.

વૈવિધ્યસભર અદાણી ગ્રૂપની નોંધપાત્ર એન્ટિટી **APSEZ** કુશળતામાં ઉત્તરોત્તર પ્રગતિ દર્શાવી નવા કિર્તીમાન સ્થાપી રહ્યું છે. મુન્દ્રા પોર્ટે ૧૧મી માર્ચ'૨૪ના રોજ ૩૯૩૮ જહાજોના પાછલા વર્ષના **(FY-22-23)**ના રેકોર્ડને વટાવીને ૪૦૦૦ જહાજોનું સફળ સંચાલન કરીને ફરી એકવાર એક માઈલસ્ટોન હાંસલ કર્યો છે. અત્યાર સુધીમાં અદાણી પોર્ટ દ્વારા હેન્ડલ કરાયેલો આ રેકોર્ડ વેસેલ્સનો જથ્થો છે.

તાજેતરમાં અદાણી પોર્ટે ૭૦ લાખ કન્ટેનર હેન્ડલનો આંક પાર કરીને ઈતિહાસ રચ્યો હતો. ભારતમાં એક નાણાકીય વર્ષ દરમિયાન કોઈપણ પોર્ટ પર નોંધાયેલી આ સૌથી વધુ સંખ્યા છે. વેપાર વણિજયની ગતિવિધીઓના પ્રવેશદ્વાર તરીકે ઉભરતા અદાણી પોર્ટે મલ્ટિમોડલ હબ તરીકે વેપારને વેગવાન અને આર્થિક પ્રગતિનો પાયો મજબૂત બનાવ્યો છે.


ટર્નઅરાઉન્ડ ટાઈમ સુનિશ્ચિત કરી તેને પહોંચી વળવા મેનેજમેન્ટ, તમામ ટર્મિનલ્સના હેડ, સપોર્ટ વિભાગ, બીડી ટીમ અને પ્લાનિંગ ટીમ સહિયારા પ્રયાસોથી આ સિદ્ધિ હાંસલ કરી છે. નાણાકીય વર્ષ ૨૪-૨૫માં અદાણી પોર્ટ આ રેકોર્ડ તોડવા હજુ વધુ જહાજોને સુરક્ષિત રીતે લાંગરવાની મહત્વકાંક્ષા ધરાવે છે. શ્રેષ્ઠ સુવિધાઓ અને વ્યૂહાત્મક ફાયદાઓ તેને મુખ્ય વૈશ્વિક શિપિંગ લાઈન્સ માટે પસંદગીની પહેલી હરોળમાં મૂકે છે. દેશના સૌથી મોટા વ્યાપારી બંદર તરીકે અદાણી પોર્ટ કોલસા, કુદરતી ગેસ અને ઓટો ટર્મિનલ સહિતની સૌથી વિશાળ અત્યાધુનિક સુવિધાઓ ધરાવે છે. તેનો ઊંડો ડ્રાફ્ટ અને બારમાસી હવામાન ક્ષમતાઓ કાર્ગો હેન્ડલ કરાવવા ન્યૂનતમ ટર્નઅરાઉન્ડની ખાતરી આપે છે.

અદાણી પોર્ટના **CT-3** ટર્મિનલે ૩૦ લાખ **TEU** નો આંક પાર કર્યો હતો ભારતમાં એક નાણાકીય વર્ષ દરમિયાન કોઈપણ ટર્મિનલ પર નોંધાયેલી આ સૌથી વધુ સંખ્યા છે. અદાણી પોર્ટ પર ૭ મિલિયનથી વધુ **TEU** ને હેન્ડલ કરવાના સીમાચિહ્ન સુધી પહોંચવું એ મેરીટાઈમ ઉદ્યોગમાં એક નોંધપાત્ર સિદ્ધિ છે. આ સિદ્ધિ અદાણી પોર્ટની મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કાર્યક્ષમ કામગીરી અને મોટા જથ્થાના કાર્ગોને હેન્ડલ કરવાની ક્ષમતાને રેખાંકિત કરે છે. **APSEZ** કાર્ગો સંચાલનમાં વિક્રમજનક કામગીરીનો સિલસિલો આગામી સમયમાં પણ જારી રાખવાની નેમ ધરાવે છે.

## આ નહિ જાણ્યું હોય તમે... પ્રજ્ઞાચક્ષુ મતદાતા કેવી રીતે કરે છે મતદાન

# પ્રજ્ઞાચક્ષુ મતદારો માટે ચૂંટણી તંત્ર દ્વારા કરાય છે વિશેષ તૈયારી અને વ્યવસ્થાઓ : દરેક મત માટે પ્રતિબદ્ધ ચૂંટણી તંત્ર

**જૂનાગઢ જિલ્લાના પાંચ વિધાનસભા મતવિસ્તારમાં કુલ-૧૭૪૨ જેટલા નોંધાયેલા પ્રજ્ઞાચક્ષુ મતદારો : બ્રેઈલ ડમી બેલેટ પેપરની મદદથી મતદાનની ગુપ્તતા ભંગ થયા વગર આપી શકશે મત : બેલેટ યુનિટ ઉપર બ્રેઈલમાં દર્શાવવામાં આવે છે ઉમેદવારના ક્રમ : બ્રેઈલ ડમી બેલેટ પેપરથી પસંદગીના ઉમેદવારનું નામ, ક્રમાંક અને પક્ષનું નામ પ્રજ્ઞાચક્ષુ મતદાર જાણી શકે છે**



જૂનાગઢ, તા.૨૬

મતદાતા લોકશાહીનો પ્રાણ છે, ભારતનું ચૂંટણી પંચ પણ એક પણ નાગરિક મત અધિકારના ઉપયોગથી વંચિત ન રહે તે માટે પ્રતિબદ્ધ છે, ત્યારે પ્રજ્ઞાચક્ષુ મતદારો પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે પણ ચૂંટણી પંચ દ્વારા વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવે છે. ત્યારે પ્રજ્ઞાચક્ષુ મતદારો કેવી રીતે મતદાન કરે છે, તે જાણવું પણ રસપ્રદ છે.

ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ જિલ્લાના પાંચ વિધાનસભા મતવિસ્તારમાં કુલ-૧૭૪૨ જેટલા દ્રષ્ટિહિન મતદારો નોંધાયેલા છે, આ મતદારોને ઘરે બેઠા મતદાન કરવાની સુવિધા આપવામાં આવશે. સાથે જ આ દ્રષ્ટિહિન મતદાતા મતદાન મથક પર જઈ પણ મત આપી શકશે. આ માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયા દિવ્યાંગ સહિતના મતદારો સરળતાથી મતદાન કરી શકે તે માટે જરૂરી દિશાનિર્દેશ આપવાની સાથે સમીક્ષા પણ કરી રહ્યા છે.

બ્રેઈલના જાણકાર હોય તેવા દ્રષ્ટિહિન મતદાર સાથીદારની સહાય વિના મત આપી શકે તે માટે બેલેટ યુનિટ પર દરેક ઉમેદવારના નામ સામેના કેન્ડિડેટ બટન (વાદળી બટન)ની જમણી બાજુએ બ્રેઈલમાં નંબર દર્શાવવામાં આવે છે, આ સુવિધાનો દ્રષ્ટિહિન મતદાર ઉપયોગ કરી શકે તે માટે બ્રેઈલમાં ડમી બેલેટ પેપર તૈયાર કરવામાં આવે છે, જેમાં ઉમેદવારનો ક્રમાંક, ઉમેદવારનું નામ અને પક્ષનું નામ બ્રેઈલમાં છાપવામાં આવે છે. જેની મદદથી દ્રષ્ટિહિન મતદાર પોતાના પસંદગીના ઉમેદવારનો ક્રમાંક જાણી બેલેટ યુનિટ પર બ્રેઈલમાં દર્શાવેલ ઉમેદવારના ક્રમાંક પરથી પોતાના પસંદગીના ઉમેદવારના ક્રમાંકને આધારે મત આપી શકે છે. આમ, બ્રેઈલના જાણકાર હોય તેવા દ્રષ્ટિહિન મતદાર મતદાનની ગુપ્તતા ભંગ થયા વગર મત આપી શકશે.

આ માટે બ્રેઈલમાં તૈયાર કરેલ ડમી બેલેટ પેપર દરેક મતદાન મથક દીઠ એક પૂરું પાડવામાં આવે છે. આ માટે મતદાન મથકના ૧૧૦ ટકા લેખે બ્રેઈલ ડમી બેલેટ પેપર તૈયાર કરવામાં આવે છે.

આમ, લોકશાહીના મહાપર્વ મતાધિકારના ઉપયોગ થકી જ સાર્થક થતું હોય છે, જ્યારે દરેક નાગરિક અચૂક મતદાન કરે અને લોકશાહી વ્યવસ્થામાં ભાગીદારી નોંધાવે અને આ માટે હંમેશા ભારતના ચૂંટણી પંચે પ્રતિબદ્ધતા દર્શાવી છે.

**-ખાસ અહેવાલઃ રોહિત ઉસદડ**

## વિશ્વ ગુજરાતી સમાજ યુથ વિંગમાં જૂનાગઢ જીલ્લા અને મહાનગરના કન્વીનર તરીકે ડો.જીતુભાઈ ખુમાણની નિમણૂંક



જૂનાગઢ, તા.૨૬

સમગ્ર વિશ્વમાં ૩૩ વર્ષથી કાર્યરત ગુજરાતી સમાજનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા વિશ્વ ગુજરાતી સમાજમાં જૂનાગઢના અગ્રણી શિક્ષણવિદ અને મોટીવેશનલ સ્પીકર ડો. જીતુભાઈ ખુમાણની જૂનાગઢ જિલ્લાના કન્વીનર (૨) તરીકે નિમણૂક કરવામાં આવી છે આ સંસ્થા ના મુખ્ય સંવર્ધક ગુજરાતના મુખ્યમંત્રી હોય છે અત્યારે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ મુખ્ય સંવર્ધક તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે તેમજ આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબ આ સંસ્થામાં બાર વર્ષ સુધી મુખ્ય સંવર્ધક તરીકે સેવાઓ આપી ચૂક્યા છે વિશ્વના ૧૨૫ દેશોમાં કાર્યરત આ સંસ્થા છે આ સંસ્થાના પ્રમુખ તરીકે સી.કે.પટેલ પ્રશંસનીયસેવા આપી રહ્યા છે તેમજ આ સંસ્થાના ગૌરવશાળી સભ્યો તરીકે ગૃહ મંત્રી અમિતભાઈ શાહ, ધીરૂભાઈ અંબાણી, કોકીલાબેન અંબાણી, નિરમાના કરસનભાઈ પટેલ સામ પિત્રોડા જેવા મહાનુભાવો આ સંસ્થાના ગૌરવશાળી સભ્યો તરીકે સેવાઓ આપી ચૂક્યા છે અને સેવાઓ આપે છે. પવરસભાઈ પટેલ અને આકાશભાઈ પટેલ અમદાવાદ જેવા યુથ વીંગના હોદ્દેદારો સક્રિય પણે પ્રશંસનીય કાર્ય કરી રહ્યા છે. ૧૨૫ દેશોમાં ગુજરાતીઓનું પ્રતિનિધિત્વ કરતી આ સંસ્થા છે અત્યાર સુધીમાં ગુજરાતના ૧૨ પૂર્વ મુખ્યમંત્રીઓ આ સંસ્થાના મુખ્ય સંવર્ધક તરીકે પોતાની સેવાઓ આપી ચૂક્યા છે. આવનારા સમયમાં જૂનાગઢ મહાનગરમાં અને જૂનાગઢ જિલ્લામાં વિશ્વ ગુજરાતી સમાજ યુથ્વીંગની રચના કરવામાં આવશે સંગઠન બનાવવામાં આવશે અને તેમાં અનેક સમાજ શ્રેષ્ઠીઓને જોડવામાં આવશે તેમ ડો. જીતુભાઈ ખુમાણની યાદીમાં જણાવાયું છે

## ગુજરાતમાં પ્રથમ વખત માછલીની પ્રજાતિ મળી



વેરાવળ તા. ૨૬

તાજેતરમાં વેરાવળ બંદરમાંથી નવીન પ્રકારની માછલી જોવા મળેલ છે. આ માછલીનો રંગ લાલ છે. લાંબા દિવસની માછીમારી કરતી બોટમાં આ પ્રકારનો નવીન માછલી માછીમારની જાળમાં પકડાયેલ હતી. વેરાવળના ભીડીયા વિસ્તારમાંથી આ માછલી અશ્વીનભાઈ સોલંકીને જોવા મળેલ હતી. જ્યાં વેરાવળની ફિશરીઝ કોલેજના ડો. જીતેશ સોલંકી દ્વારા આ માછલીની ઓળખાણ કરેલ અને આ માછલી સ્નીડેરીના સ્પીસીસ છે, તેવું જણાવેલ હતું. આ અગાઉ વર્ષ ૨૦૧૭ માં વિશાખાપટ્ટનમમાં આ પ્રજાતિની માછલી જોવા મળેલ હતી.

# ચકલી દિવસ, વન દિવસ, પાણી દિવસ, હવામાનશાસ્ત્ર જેવા વિવિધ વૈશ્વિક દિવસોની વિવિધ સ્થળોએ ઉજવણી કરતું ગીર સોમનાથ લોક વિજ્ઞાન કેન્દ્ર

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૬

શ્રી ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ ખાતે વિશ્વ ચકલી દિવસની ઉજવણી વિવિધ સ્વરૂપે કરવામાં આવેલ જેમાં જુદી જુદી શાળાઓના ૧૩૦ જેટલા બાળકો દ્વારા ચકલી ઘર બનાવવામાં આવેલ. આ કાર્યક્રમમાં લોકવિજ્ઞાન કેન્દ્રના સાયન્સ કોમ્યુનિકેટર ધર્મેશભાઈ મકાણીએ ચકલીનું મહત્વ, ચકલીના માળા બનાવતી વખતે શું ધ્યાનમાં રાખવું ?, ચકલી માટે ચણ અને પાણી પીવા માટેનું મોડેલ બનાવવા કઈ - કઈ બાબતોનું ધ્યાન રાખવું ? તેની પ્રાયોગિક માહિતી આપવામાં આવી. ત્યાર બાદ ૫-૫ વિદ્યાર્થીનું જૂથ કરી ૧૪ જૂથને જરૂરી સામગ્રીની વ્યવસ્થા કરી તમામને પોતાની રચનાત્મક - ક્રિયાત્મક શક્તિનો ઉપયોગ કરી માળા તેમજ ચણ - પાણી માટેનાં મોડેલ બનાવવાનું કાર્ય સોપવામાં આવ્યું . તમામ વિદ્યાર્થીઓએ પોતાના વિચાર શક્તિ અનુરૂપ સરસ - ઉપયોગી ચકલીઓના માળા બનાવ્યા અને બનેલ માળામાં ચકલીબેન વધુમાં વધુ તેનો લાભ લે તેવી જગ્યાએ ગોઠવવામાં માટેની વિદ્યાર્થીઓને સમજણ આપવામાં આવેલ તેમજ તેમના દ્વારા બનાવવામાં આવેલ ચકલીઓના માળા તેમને ઘરે લઈ જવા માટે આપવામાં આવ્યા. ભાગ લેનાર તમામને સર્ટીફીકેટ અર્પણ કરવામાં આવ્યા. તેમજ વક્તૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવેલ જેમાં પ્રથમ ત્રણ ક્રમ ને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવેલ તેમજ આ સાથે લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિશ્વ ચકલી દિવસના દિવસે લોકોમાં ચકલી વિશે જાગૃતિ લાવવા માટે તારીખ ૨૦ માર્ચ થી ૨૪ માર્ચ સુધી એક ઓનલાઈન ક્વિઝનું પણ આયોજન કરવામાં આવેલ જેમાં ૧૩૫ લોકોએ ભાગ લીધો હતો. આ સાથે સાથે માર્ચ માસમાં આવતા વર્લ્ડ ફોરેસ્ટ ડે ના દિવસે શ્રી સ્વામિનારાયણ બીએડ



કોલેજની બહેનોને શ્રી હરિહર વન ખાતે મુલાકાત કરાવી નક્ષત્રવન, રાશિવન તેમજ વિવિધ વૃક્ષો વિશેની માહિતી કાર્યક્રમના તજજ્ઞ પી.બી. છાત્રોડીયા દ્વારા આપવામાં આવેલ. વર્લ્ડ વોટર ડે, ની ઉજવણી ચગીયા પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવેલ જેમાં ચિત્ર સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા, પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ આ તમામ સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમે આવેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ તથા ભાગ લીધેલ તમામને સર્ટિફિકેટ આપવામાં આવેલ. આ કાર્યક્રમના તજજ્ઞ તરીકે રાઠોડ રહ્યા હતા.આ સાથેવર્લ્ડ મેટ્રોલોજીકલ ડે,ની ઉજવણી લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે કરવામાં આવેલ જેમા વિદ્યાર્થીઓને પી.પી.ટી તથા ફિલ્મશો દ્વારા હવામાન શાસ્ત્ર અંગે માહિતગાર કરવામાં આવેલ તેમજ આ સાથે સાથે માર્ચ માસમાં આવતા વર્લ્ડ ફોરેસ્ટ ડે, વર્લ્ડ વોટર ડે, વર્લ્ડ મેટ્રોલોજીકલ ડે, વર્લ્ડ અર્થ હવર ડે, જેવા વિવિધ દિવસો ની ઉજવણી માટે તારીખ ૨૧ માર્ચથી ૨૮ માર્ચ સુધી ઉજવવામાં આવેલ. આ દિવસોની માહિતીથી સભર ઓનલાઈન ક્વિઝનું આયોજન કરવામાં આવેલ જેમાં અનુક્રમે ૧૪૮, ૧૯૦, ૧૭૬ લોકોએ ભાગ લીધેલ હતો. ઉપરોક્ત તમામ દિવસોની ઉજવણી કરવા માટે બનાવવામાં આવેલ ક્વિઝ તેમજ તે અંગેના આયોજનમાં એકેડેમી ઓડીનેટર વિજયભાઈ કોટડીયા તથા કો-ઓર્ડીનેટર નરેશભાઈ ગુંદરણીયા તેમજ લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથની ટીમે જહેમત ઉઠાવેલ હતી.

# કેન્દ્રએ નવા નિયમો હેઠળ બે નવા ECની નિમણૂંકનો સુપ્રીમ કોર્ટમાં બચાવ કર્યો

નવી દિલ્હી, તા.૨૬

કેન્દ્રએ મુખ્ય ચૂંટણી કમિશ્નર અને અન્ય ચૂંટણી કમિશ્નર અધિનિયમ ૨૦૨૩ હેઠળ બે ચૂંટણી કમિશ્નરોની તાજેતરની નિમણૂક ઉપર સ્ટેની માંગ કરતી અરજીઓની સુનાવણીમાં સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી છે. કેન્દ્રએ બે ચૂંટણી કમિશ્નરો જ્ઞાનેશકુમાર અને સુખબીરસિંહ સંધુની એક પેનલ દ્વારા નિમણૂકનો બચાવ કર્યો જેમાં ભારતના મુખ્ય ન્યાયાધીશનો સમાવેશ થતો નથી. એફિડેવિટ મુજબ મુખ્ય ચૂંટણી કમિશ્નર અને અન્ય ચૂંટણી કમિશ્નરો (નિમણૂકની શરતો અને કાર્યાલયની શરતો) અધિનિયમ ૨૦૨૩ ચૂંટણી પંચની ઉચ્ચ બંધારણીય સંસ્થાને પર્યાપ્ત રીતે રક્ષણ આપે છે, કમિશન સુપ્રીમ કોર્ટના ચુકાદામાં નિર્ધારિત સિદ્ધાંતોનું પાલન કરતી વખતે તેના કામકાજ માટે વધુ લોકશાહી અને સહભાગી વૈધાનિક મિકેનિઝમ બનાવે છે. અધિનિયમનું એક નોંધપાત્ર પાસું એ છે કે, ભારતના મુખ્ય ન્યાયાધીશને ચૂંટણી કમિશ્નરો માટેની પસંદગી પેનલમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. અધિનિયમ ઉપર સ્ટે માંગતી અરજીઓનો વિરોધ કરતા કેન્દ્રએ જણાવ્યું હતું કે, ચૂંટણી પંચ અથવા અન્ય કોઈ સંસ્થા અથવા સત્તાધિકારની સ્વતંત્રતા, પસંદગી સમિતિમાં ન્યાયિક સભ્યની હાજરીથી ઉદ્‌ભવતી નથી અને તે આભારી નથી. અધિનિયમ ઉપર સ્ટે માંગતી અરજીઓનો વિરોધ કરતા કેન્દ્રએ જણાવ્યું હતું કે, ચૂંટણી પંચ અથવા અન્ય કોઈ સંસ્થા અથવા સત્તાની સ્વતંત્રતા પસંદગી સમિતિમાં ન્યાયિક સભ્યની હાજરીથી ઊભી થતી નથી અને તે આભારી નથી. તદુપરાંત કેન્દ્ર ભારતના મુખ્ય ન્યાયાધીશ વિનાની પેનલ દ્વારા બે ચૂંટણી કમિશ્નરોની નિમણૂક પ્રક્રિયાનો બચાવ કરે છે. તે ભારપૂર્વક જણાવે છે કે, સીઈસી અને ઈસી એક્ટ ૨૦૨૩ હેઠળ ઉચ્ચ સ્તરીય સમિતિની ચર્ચાઓ સહયોગી છે અને વાસ્તવિક બેઠકો દરમ્યાન ચર્ચાઓ થાય છે. સીઈસી અને અન્ય ચૂંટણી કમિશ્નર અધિનિયમ ૨૦૨૩ ઉપર સ્ટે માંગતી અરજીઓ ઉપર કેન્દ્રએ સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી હતી જેણે ભારતના મુખ્ય ન્યાયાધીશને ચૂંટણી કમિશ્નરોની પસંદગી પેનલમાંથી કાઢી નાખ્યા હતા.

# ચૂંટણી બોન્ડના દાન સાથેની તરફેણ અંગે કોર્ટ દ્વારા દેખરેખ હેઠળની તપાસ શા માટે જરૂરી છે

**ચૂંટણી બોન્ડ યોજના અનામી અને અસ્પષ્ટતા છે અને તેના આધારે કેન્દ્રીય એજન્સીઓ દ્વારા તપાસ, કાર્યવાહી અને અથવા દરોડા પાડવામાં આવી રહેલી કંપનીઓ પાસેથી દાન**

કોઈપણ લોકશાહીના ઈતિહાસમાં સંભવિતપણે આ સૌથી મોટા ચૂંટણી ભંડોળ કૌભાંડની અવગણના કરીને, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, ૧૬ માર્ચ, ૨૦૨૪ના રોજ તેલંગાણાના નાગરકર્નૂલમાં એક ચૂંટણી રેલીમાં ભારત રાષ્ટ્ર સમિતિ અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનો ઉલ્લેખ કરતા કહ્યું કેઃ કોઈ ભ્રષ્ટ વ્યક્તિને છોડી દેવામાં આવશે નહીં એવું હું લોકોને આ વચન આપું છું. ગૃહ પ્રધાન અમિત શાહે ચૂંટણી બોન્ડ યોજનાનો બચાવ કરતાં, ૧૫ માર્ચ, ૨૦૨૪ના રોજ ઈન્ડિયા ટુડે કોન્ક્લેવમાં જણાવ્યું હતું કે તેઓ કોઈપણ મંચ ઉપર કોઈપણ વ્યક્તિ સાથે ચર્ચા કરવા તૈયાર છે કે ચૂંટણી બોન્ડ્સ એ ભારતીય રાજકારણમાં કાળા નાણાંનો અંત કરવા માટે શરૂ કરવામાં આવ્યા હતા. સત્તાધારી પક્ષના ચૂંટણી ભંડોળ સાથે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના દરોડા સહિતની કેન્દ્રીય તપાસ એજન્સીઓની કામગીરી વચ્ચેની કોઈપણ કડી અંગે નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, તમે જાણો છો કે પૈસા અગાઉ આપવામાં આવ્યા હતા અને તે છતાં અમે તેમની તપાસ કરી હતી. કેન્દ્રીય ગૃહ પ્રધાન અને નાણા પ્રધાન દ્વારા એ જવાબ આપવામાં આવ્યો ન હતો તે એ હતો કે શાસક પક્ષ કેન્દ્રની એજન્સીઓ દ્વારા તપાસ, દરોડા અને/અથવા કાર્યવાહી કરવામાં આવી રહી હતી તે કંપનીઓ પાસેથી હજારો કરોડ રૂપિયા શા માટે સ્વીકારે છે. તેમનો ટૂંકો જવાબ એ હશે કે તેઓ જાણતા ન હતા કે દાતા કોણ છે. ચૂંટણી બોન્ડ યોજનાના આધારે કેન્દ્રીય એજન્સીઓ દ્વારા તપાસ, કાર્યવાહી અને/અથવા દરોડા પાડવામાં આવી રહેલી કંપનીઓ પાસેથી દાન સ્વીકારવાના રાજકીય અને નાણાકીય અનૈતિકતાના આરોપનો બચાવ કરવામાં આવી રહ્યો છે. બંધારણના અનુચ્છેદ ૧૯(૧)(a)નું ઉલ્લંઘન કરતી ચૂંટણી બોન્ડ યોજનાને પકડતી વખતે, અદાલતે સરકારના દાવાને ફગાવ્યો હતો કે તે જાણતી નથી કે દાતા કોણ છે. કોર્ટે અવલોકન કર્યું કેઃ ભારતીય સંઘની રજૂઆત એ છે કે જે રાજકીય પક્ષ યોગદાન મેળવે છે તે ફાળો આપનારની ઓળખ જાણતો નથી કારણ કે ન તો બોન્ડમાં તેમનું નામ હશે અને ન તો બેંક રાજકીય પક્ષને આવી વિગતો જાહેર કરી શકશે. અમે આ રજૂઆત સાથે સંમત નથી. તે સાચું છે કે કાયદો ચૂંટણી બોન્ડની કેન્દ્રીય લાક્ષણિકતા તરીકે અનામી સૂચવે છે, ત્યારે આ યોજના ફૂલ-પ્રૂફ નથી. આ યોજનામાં પૂરતા પ્રમાણમાં ખામીઓ છે જે રાજકીય પક્ષોને તેમને આપેલા યોગદાનની વિગતો જાણવા માટે સક્ષમ બનાવે છે. સ્કીમનો ક્લોઝ ૧૨ જણાવે છે કે બોન્ડ માત્ર રાજકીય પક્ષ દ્વારા નિયુક્ત બેંક ખાતામાં જમા કરીને રોકડ કરી શકાય છે. ફાળો આપનાર રાજકીય પક્ષના પદાધિકારીને અથવા રાજકીય પક્ષના ધારાસભ્યને ચૂંટણી બોન્ડ સોંપી શકે છે અથવા તે યોગદાન આપનાર અથવા યોગદાન આપનારના નામ સાથે રાજકીય પક્ષના કાર્યાલયને મોકલી શકાશે. ચૂંટણી બોન્ડ જમા કરાવ્યા પછી રાજકીય પક્ષના સભ્યને તેમના ક્રોસ વેરિફિકેશન માટે યોગદાનની વિગતો જાહેર કરી શકે છે.

**સરકાર ક્વિડ પ્રો ક્વો તપાસ કરવાથી રોકાઈ રહી છે** :- સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં ખંડપીઠે અવલોકન કર્યું કેઃ યોગદાનની વિગતો જાહેર કરવાના આદેશને કાઢી નાખવાથી મતદારના માહિતીના અધિકારનું ઉલ્લંઘન થાય છે કારણ કે તેમની પાસે તે રાજકીય પક્ષ વિશેની માહિતી હશે નહીં કે જેને આ યોગદાન આપવામાં આવ્યું હતું. આપણે શાસનમાં ભ્રષ્ટાચાર અને ક્વિડ પ્રો-ક્વો વ્યવહારોને ઓળખવા જરૂરી છે. કંપનીઓ દ્વારા રાજકીય યોગદાનનું કારણ સ્પષ્ટ છે. વિદ્વાન સોલિસિટર જનરલે પણ સુનાવણી દરમ્યાન ઈન્કાર કર્યો ન હતો કે કોર્પોરેટ દાન ક્વિડ પ્રો ક્વો વ્યવસ્થા દ્વારા તરફેણ મેળવવા માટે કરવામાં આવે છે. કોર્ટે કહ્યું કે, કંપનીઓ દ્વારા આપવામાં આવેલ યોગદાન એ બદલામાં લાભો મેળવવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવેલ વ્યવસાયિક વ્યવહારો છે. નોંધનીય છે કે, ૧૦૦ કરોડના દિલ્હી દારૂના કૌભાંડને કારણે AAPના બે મંત્રીઓની ધરપકડ કરવામાં આવી હતી અને ૧૬ માર્ચ, ૨૦૨૪ના રોજ એમએલસી કે. કવિતાની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે કોઈ પાસેથી આ પૈસા મળ્યા નથી. ઈલેક્ટોરલ બોન્ડ કૌભાંડમાં, કેન્દ્ર અને રાજ્યોમાં સત્તાધારી પક્ષો દ્વારા હજારો કરોડ રૂપિયા પ્રાપ્ત થયા છે. પણ હજુ સુધી કેન્દ્ર સરકારે રાજકીય પક્ષો અને દાતાઓ વચ્ચેની ક્વિડ પ્રો-ક્વો અંગે તપાસની જાહેરાત પણ કરી નથી. આનો અર્થ એ થયો કે કેન્દ્ર સરકાર અને/અથવા તેની એજન્સીઓ સર્વોચ્ચ અદાલતના તારણો સાથે સહમત નથી કે આ ભ્રષ્ટાચાર છે અથવા હોઈ શકે છે. કેન્દ્રમાં શાસક પક્ષ પોતે તપાસ કરે તેવી અપેક્ષા કેવી રીતે રાખી શકાય ? એવું નથી કે રાજકીય પક્ષો પર ભ્રષ્ટાચાર અને અથવા મની લોન્ડરિંગ માટે તપાસ અને કાર્યવાહી ન થઈ શકે. માત્ર સર્વોચ્ચ અદાલત જ નહીં, પણ CBI અને ED પણ સંમત છે કે રાજકીય પક્ષોની ભ્રષ્ટાચાર માટે તપાસ અને કાર્યવાહી થઈ શકે છે.

અદાલતની દેખરેખ હેઠળની તપાસ જરૂરી છે કારણ કે અદાલતે ચૂંટણી બોન્ડ યોજના અનામી હોવા છતાં, દાતાઓ અને તેમના દાન વિશે સરકાર/શાસક રાજકીય પક્ષને જાણ હોવાનો આરોપ મૂક્યો છે. તેથી, સુપ્રીમ કોર્ટ એક SITની રચના કરી શકે છે, જેમાં મુખ્યત્વે નિવૃત્ત ED, CBI અને આવકવેરા અધિકારીઓનો સમાવેશ થાય છે, જે શક્ય તેટલી હદ સુધી તપાસ કરી શકે છે અને મુખ્યત્વે કેન્દ્રમાં રાજકીય પક્ષ અને સરકાર વચ્ચેના પ્રશ્નો અંગે અહેવાલ આપી શકે છે અને જે દાતાઓ તપાસ હેઠળ હતા અથવા દરોડા પાડવામાં આવ્યા હતા અને/અથવા મુખ્યત્વે ED, CBI અને આવકવેરા દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી હતી તેમની અને રાજ્ય સરકારો અને પક્ષો અને આ દાતાઓ વચ્ચેના અન્ય પ્રશ્નોની પણ તપાસ કરવી પડશે. કેન્દ્રની એજન્સીઓ દ્વારા તપાસ અને/અથવા દરોડા/ કાર્યવાહી કરવામાં આવી હોય તેવા દાતાઓ દ્વારા ચૂકવવામાં આવેલી રકમ રાજકીય પક્ષો પાસેથી જપ્ત કરવી જોઈએ અને કેન્દ્રીય આવક તરીકે ભારતના સંકલિત ભંડોળમાં જમા કરાવવી જોઈએ. જ્યાં સુધી સંસદ રાજકીય પક્ષોના પારદર્શક ભંડોળ માટે કાયદો ન લાવે ત્યાં સુધી રાજકીય પક્ષોને તમામ દાન પારદર્શક રીતે આપવું જોઈએ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

### અમેરિકાને ભારતનો રોકડો જવાબ

# વિભાજનમાં પાછળ છુટી ગયેલા લોકો પ્રત્યે દાયિત્વ દાખવવું એ ભારતનો સિધ્ધાંત છે

ખુદને મહાશક્તિ સમજનારા કેટલાક દેશો આદતવશ આદર્શો અને સિધ્ધાંતોની આડમાં બીજા દેશોની આંતરિક બાબતોમાં વિના કારણે ટિપ્પણી કરીને દબાણ બનાવવાની કોશિશ કરતા રહે છે. નાગરિકતા સંશોધન કાયદો (સીએએ) પર અમેરિકાનું વાંધાજનક નિવેદન આવો જ એક હીન પ્રયાસ છે. ભારતમાં અમેરિકાના રાજદૂત એરિક ગાર્સેટીએ કહ્યું કે સીએએને લઈને અમેરિકા ચિંતિત છે અને તેના લાગુ થવાની પ્રક્રિયા પર તેની નજર છે. તેમણે એ પણ દર્શાવવાની કોશિશ કરી છે કે આ કાયદો સિધ્ધાંતોથી ભટકાવ છે. આ નિરર્થક ટિપ્પણી પર વિદેશ મંત્રી એસ.જયશંકરે યોગ્ય રીતે જ વાંધો ઉઠાવીને રોકડો જવાબ આપી દીધો કે અમારા પણ સિધ્ધાંત છે, જેમાંથી એક સિદ્ધાંત છે વિભાજનમાં પાછળ છૂટી ગયેલા લોકો પ્રત્યે દાયિત્વ.

અમેરિકાની સાથે સાથે કેટલાક અન્ય દેશોના એવા નિવેદનોનો જવાબ આપતાં ભારતીય વિદેશમંત્રીએ તેમને યાદ અપાવ્યું કે ભારતનું દુઃખદાયક વિભાજન થયું હતું અને તેને પરિણામે કેટલીય સમસ્યાઓ પેદા થઈ હતી. સીએએ એવી જ કેટલીક સમસ્યાઓના સમાધાનનો પ્રયાસ છે. વિભાજન સમયે ભારતના તત્કાલીન નેતાઓએ નવા બનેલા પાકિસ્તાનના અલ્પસંખ્યક સમુદાયોને એ વાયદો કર્યો હતો કે જો તેમને કોઈ પરેશાની થાય છે, તો ભારત તેમનું સ્વાગત કરશે. પરંતુ આ વાયદા પર અમલની કોઈ કોશિશ ન થઈ, જ્યારે પાકિસ્તાન અને તેમાંથી તૂટીને બાદમાં બનેલા બાંગ્લાદેશમાં અલ્પસંખ્યકો સાથે દુર્વ્યવહાર, તેમના દમન અને સતામણીનો અંતહીન સિલસિલો ચાલુ રહ્યો. અફઘાનિસ્તાનમાં પણ આ જ સ્થિતિ જોવા મળી છે.

આ દેશોમાં અલ્પસંખ્યકોની ઘટતી સંખ્યા અને સત્તામાં તેમની ભાગીદારીનો અભાવ તેમની સાથે એ દેશોના શાસન અને બહુસંખ્યક સમુદાયના દુર્વ્યવહારનું ઠોસ પ્રમાણ છે. નાગરિકતા સંશોધન કાયદામાં એ જોગવાઈ કરવામાં આવી છે કે પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનથી શરણાર્થી રૂપે ૩૧ ઓગસ્ટ ૨૦૧૪ સુધી ભારત આવેલા લોકોને નાગરિકતા આપવાની પ્રક્રિયાને ગતિ આપવામાં આવશે. એમાં ક્યાંય પણ એ નથી લખવામાં આવ્યું કે આ દેશો કે દુનિયાના બીજા હિસ્સાથી આવેલા લોકો દ્વારા નાગરિકતા હાંસલ કરવાના આવેદન પર વિચાર નહીં થાય. આ કાયદામાં કે કોઈ અન્ય નિયમનમાં કોઈ વ્યક્તિ, ચાહે તે કોઈપણ ધાર્મિક સમુદાયનો હોય, તેની નાગરિકતા સમાપ્ત કરવાનો કોઈપણ નિયમ નથી બનાવવામાં આવ્યો. જયશંકરે યોગ્ય જ રેખાંકિત કર્યું કે અમેરિકા સહિત અનેક પશ્ચિમી દેશોમાં વિશ્વયુધ્ધ બાદ નાગરિકતા આપવાની પ્રક્રિયાની ગતિ તેજ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે આ પ્રકારની કોશિશોથી જે લોકો વંચિત રહી ગયા તેમના પ્રત્યે ભારતનું એક નૈતિક દાયિત્વ છે.

## વેરાવળના બોટમાંથી ખલાસીઓ ડૂબ્યાં, એકનો મૃતદેહ મળી આવ્યો

વેરાવળ, તા.૨૬

વેરાવળના બોટમાંથી બે ખલાસીઓ ખાબક્યા હતા. માછીમારી વખતે બોટમાંથી બે ખલાસી ખાબક્યા હતા. તેમાથી એક ખલાસીનો મૃતદેહ મળી આવ્યો છે. તેમા અન્ય ખલાસી હજી પણ લાપતા છે. તેનો મૃતદેહ શોધવાની કવાયત ચાલુ છે. જો તેનો મૃતદેહ ન મળે તો તેના માટે કોસ્ટ ગાર્ડની મદદ લેવામાં આવી શકે છે. આ ખલાસીઓ માછીમારી કરવા ગયા હતા તે દરમિયાન સમુદ્રમાં ખાબક્યા હતા.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

લેવામાં નહીં પરંતુ ત્યાગ કરવામાં જ સર્વસુખ સમાયેલું છે.
- સ્વામી રામતીર્થ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.આવા-૧૩૯૩, મુ. રમજાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ફાગણ વદ-૧ વસંન્તોત્સવ, આમ્રકુસુમપ્રાશન તા.૨૬ માર્ચ ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૧૪, મુસ્લિમ તા.૧૫, હસ્ત નક્ષત્ર, ધ્રુવ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૫૧, સૂ.અ.૭:૦૩ આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), રાત્રે ૨:૫૬ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પ્રિયજનથી વિરહ રહે. અગત્યના કાર્યોમાં વિઘ્ન આવે.
વૃષભ: વ્યવસાયિક કાર્યમાં સફળતા મળે. મોજ-શોખમાં દિવસ વિતે.
મિથુન: બગડેલા કાર્યો સુધારી શકશો. ગુપ્ત ચિંતા દૂર થાય.
કર્ક: માનસિક પરેશાની દૂર થાય. આવકમાં વધારો થાય.
સિંહ: અટકેલા કાર્યો પૂર્ણ થાય. નવા સાહસમાં સફળતા મળે.
કન્યા: પ્રવાસમાં લાભ રહે. સ્વભાવ તેજ રહે.
તુલા: વ્યર્થ દોડા-દોડી રહે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.
વૃશ્ચિક: કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. આકસ્મીક ધન પ્રાપ્તિ થાય.
ધન: મનની નિરાશા દૂર થાય. આર્થિક સમસ્યા હળવી બને.
મકર: શત્રુવર્ગને પીછેહટ કરવી પડે. આવક-જાવક સરભર રહે.
કુંભ: કાર્યની અધિક્તા રહે તેવી સંભાવના. જીવનસાથીનો આરોગ્ય સંભાળવું.
મીન: કામકાજમાં વ્યસ્ત રહેવાય. મનમાં મૂંઝવણ રહે.

# સોલીડારીડાડ સંસ્થા દ્વારા જામનગરમાં ડિજિટલ અને નાણાંકીય સાક્ષરતા બાબતે તાલીમ યોજાઈ





(પ્રતિનિધિ દ્વારા)

જામનગર, તા.૨૬

સોલીડારિડાડ સંસ્થા દ્વારા અમલિકૃત અને નાયરા એનર્જી કંપનીના સામાજીક વિકાસની જવાબદારીઓ અંતર્ગત ચાલતા ગ્રામ સમૃદ્ધિ કાર્યક્રમ અંતર્ગત ખંભાળિયા અને લાલપુર તાલુકાના ૨૭ જેટલા ગામોમાં ખેડૂત અને ખેતીના વિકાસ માટે ચાલતા ગ્રામ સમૃદ્ધિ કાર્યક્રમ અંતર્ગત ખેતીને પુનર્જીવિત કરવા ચાલતા કાર્યક્રમોમાં ખાસ કરીને મહિલા ખેડૂતોને આર્થિક રીતે પગભર બનાવવાના ઉદ્દેશ્ય સાથે મહિલાઓ માટે ડિજિટલ અને નાણાંકીય સાક્ષરતા બાબતે જાગૃત કરવા સોલીડારીડાડ ટીમના અધિકારીઓને તાલીમ આપવામાં આવી.

જામનગર જીલ્લાના લાલપુર અને ખંભાળિયા તાલુકાના ૨૭ જેટલા ગામોમાં કાર્યરત સોલિડારીડાડ સંસ્થા દ્વારા પોતાના કાર્યક્ષેત્રના ગામોમાં ગ્રામ સમૃદ્ધિ કાર્યક્રમ અંતર્ગત રીજનએગ્રીના ઉદ્દેશ્યથી કાર્ય કરવામાં આવી રહ્યા છે જે કાર્યક્રમ અંતર્ગત આજે ખેડૂતો અને ખેડૂત પરિવારોને સક્ષમ બનાવવાના ઉદ્દેશ્ય સાથે મહિલા ખેડૂતોને આર્થિક રીતે સક્ષમ બનાવવા મહિલા મંડળો સાથે વિવિધ વિષયોની તાલીમ પ્રેરણા પ્રવાસ આજીવિકામાં વૃદ્ધિ કૌસલ્ય વર્ધન અને આર્થિક સાક્ષરતા અને ડિજિટલ લિટરસી બાબતે કાર્યો કરવાના ભાગરૂપે સોલીડારીડાડ સંસ્થાના કાર્યકરોને મહિલાઓ માટે ડિજિટલ અને નાણાંકીય સાક્ષરતા બાબતે તાલીમ આપવાના હેતુથી ટીમની ક્ષમતા વધારવા તાલીમનું આયોજન કરેલ. જે તાલીમમાં જામનગર દેવભૂમિ દ્વારકા બનાસકાંઠા પાટણ મહેસાણા અને સાબરકાંઠા જીલ્લાના ૨૪ જેટલા લોકોએ ભાગ લીધો હતો.

આ તાલીમમાં નોયડા સ્થિત સમાવિત વિકાસ પ્રા. લી કંપનીના રિસોર્સ પર્સન સચિનકુમાર અને અતુલ કશ્યપ દ્વારા તાલીમ આપવામાં આવેલ જે તાલીમમાં પોતાના કાર્યક્ષેત્રની મહિલાઓને ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા બાબતે વિવિધ પ્રકારની તાલીમો આપવામાં વિવિધ મુદ્દાઓ ઉપર બે દિવસની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં સોલિડારીડાડ દિલ્હી ઓફીસથી અર્જુન ફિલિપ્સ મેનેજર જેન્ડર અને શ્વેતા મેડમ એ હાજરી આપી હતી. જ્યારે નાયરા એનર્જી કંપનીના સામાજીક વિકાસની જવાબદાર ટીમના નીતીશ ઘડાજે સિનિયર મેનેજર અને પદમ જૈન એડવાઈઝર એ હાજરી આપી તાલીમ માં સહભાગી બન્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કાર્યક્રમનું સંચાલન અને સંકલન રાજકુમાર સાહુ આસિસ્ટન પ્રો. મેનેજર દ્વારા કરવામાં આવેલ જેમાં સંસ્થાના સિનિયર મેનેજર સંજીવ રાઠોડ, પ્રોજેક્ટ મેનેજર કુમાર રાઘવેન્દ્ર અને નાયરા કંપનીના સામાજીક વિકાસના દાયતત્વની ટીમના મેનેજર અવિનાશ રાવલ તેમજ મુખ્ય અધિકારી શ્રી વિકાસ અને નાયરા સી.એસ.આર ટીમનું માર્ગદર્શન ખુબજ ઉપયોગી રહ્યું. એવું એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# લેબર કોન્ટ્રાક્ટરને બળાત્કારના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી મળી

રાજકોટ, તા.૨૬

મોરબી ખાતે લેબર કોન્ટ્રાક્ટર તરીકે વ્યવસાય કરનારા ૫૦ વર્ષીય ભરત કારોલીયા નામના વ્યક્તિએ પોતાની સાથે ૨૩.૫૦ લાખ જેટલી રકમ બળાત્કારના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી બળજબરીપૂર્વક પડાવી લીધી હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ત્યારે સમગ્ર મામલે રાજકોટ રૂરલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગુનાહિત કૃત્યમાં સામેલ મહિલા આરોપી સહિત પાંચ જેટલા વ્યક્તિઓને ઝડપી પાડ્યા છે. સાથે જ તેમની પાસેથી ૨૧ લાખથી વધુની રકમનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. રાજકોટ રૂરલ લોકલ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ વી. વી. ઓડેદરાના જણાવ્યા પ્રમાણે, ટેકનિકલ સોર્સ તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સના માધ્યમથી લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા ગુનાહિત કૃત્યમાં સામેલ જૂનાગઢની મહિલા આરોપી સહિત પાંચ આરોપીઓને જુનાગઢ તેમજ રાજકોટ માંથી ઝડપી પાડવામાં આવ્યા છે. હરેશ વાળા (ઉવ.૪૯) આ કામના ગુનાનો મુખ્ય માસ્ટર માઈન્ડ છે. તેમજ આ ગુનામાં તેનો કૌટુંબિક જમાઈ અતીત વર્ધન (ઉવ.૩૧) પણ સામેલ છે. તો સાથે જ હરેશ સાથે ડ્રાઈવિંગના વ્યવસાય સાથે સંકળાયેલા શૈલેષ ગીરી ઉર્ફે ભાણો ગોસાઈ (ઉવ.૩૬), વિક્રમ ઉર્ફે વીરા તરગટા (ઉવ.૨૮) સહિતનાની ધરપકડ કરી તમામ આરોપીઓને સુલતાનપુર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે. તો સાથે જ પોલીસ દ્વારા ગુનાના કામે આરોપીઓ પાસેથી ૨૧.૬૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આરોપીઓની પૂછપરછમાં તેમણે મોરબી ખાતેથી બુક સ્ટોરમાંથી મોરબી વિસ્તારના ઉદ્યોગપતિઓ અને વેપારીઓના ટેલીફોન નંબર વાળી ટેલીફોન ડિરેક્ટરી મેળવી હોવાનું જણાવ્યું છે. તેમજ તે ટેલીફોન ડિરેકટરીમાંથી જુનાગઢ રહેતી તેમજ હરેશ વાળાની પાડોશમાં રહેતી મહિલા આરોપી પાસેથી અલગ અલગ મોબાઈલ નંબર ઉપરથી ફોન કરાવી પોતાના પ્રેમજાળમાં ફસાવવામાં આવતા હતા. વેપારીને પ્રેમજાળમાં ફસાયા બાદ તેને મળવાના બહાને બોલાવવામાં આવતો હતો. તેમજ ત્યારબાદ તેને બળાત્કારના ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી તેની પાસેથી મોટી રકમ પડાવામાં આવતી હતી. ત્યારે પોલીસ દ્વારા અપીલ કરવામાં આવે છે કે આ ટોળકીના કોઈ શિકાર બન્યા હોય તો તેઓ સુલતાનપુર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરે. પોલીસની પૂછપરછમાં ગુનાહિત કૃત્ય આચરનાર ટોળકીના હરેશ વાળા તેમજ શૈલેષ ગીરી ઉર્ફે ભાણો ગોસાઈ સિવાયના સભ્યોને ખ્યાલ જ નહોતો કે તેમણે ૨૩.૫૦ લાખ રૂપિયાની છેતરપિંડી કરી છે. જે તે સમયે આંગડિયા પેઢીમાંથી પૈસા લેવા માટે હરેશ વાળા તેમજ શૈલેષ ગીરી ઉર્ફે ભાણો ગોસાઈ ગયા હતા. પરંતુ તેમને પરત ફર્યા બાદ પોતાના અન્ય સાથી આરોપીઓને કહ્યું હતું કે, વેપારી પાસેથી ૯.૨૫ લાખ રૂપિયા જેટલી જ રકમ હાથ લાગી છે. જેથી તમામ આરોપીઓના ભાગે ૧,૮૫,૦૦૦ રૂપિયા જેટલી રકમ ભાગમાં આવી હતી. જ્યારે કે બાકી વધતી રકમ હરેશ વાળા તેમજ શૈલેષ ગીરી ઉર્ફે ભાણાએ પોતાની પાસે રાખી લીધી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર આરોપીઓ છેલ્લા એક દોઢ મહિનાથી ડિરેક્ટરીમાંથી નંબર મેળવીને જુદા-જુદા મોબાઈલ નંબર ઉપરથી ફોન કરતા હતા. ત્યારે આરોપીઓ દ્વારા આચરવામાં આવેલા ગુનાનો આંક આગામી સમયમાં વધી શકે તે પ્રકારની શક્યતા પણ જોવા મળી રહી છે.

# સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ લંબાવ્યો

નવી દિલ્હી, તા.૨૬

સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ આગામી આદેશ સુધી લંબાવ્યો છે. વાણિજ્ય મંત્રાલયે આ અંગે એક નોટિફિકેશન બહાર પાડ્યું છે. અગાઉ આ વર્ષે ૩૧ માર્ચ સુધી ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી ડુંગળીની નિકાસ પર લાદવામાં આવેલ પ્રતિબંધને આગામી આદેશો સુધી લંબાવવામાં આવ્યો છે. સ્થાનિક પ્રાપ્યતા વધારવા અને ભાવ નિયંત્રણમાં રાખવા માટે સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ આગામી આદેશ સુધી લંબાવ્યો છે. વાણિજ્ય મંત્રાલયે આ અંગે એક નોટિફિકેશન બહાર પાડ્યું છે. અગાઉ આ વર્ષે ૩૧ માર્ચ સુધી ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ (DGFT) એ ૨૨ માર્ચે એક નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે, ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી આગળના આદેશો સુધી લંબાવવામાં આવ્યો છે. વાણિજ્ય મંત્રાલયની એક પાંખ DGFT નિકાસનું નિયમન કરે છે અને આયાત સંબંધિત મુદ્દાઓ પર નિર્ણયો લે છે. સરકારે ૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. રવિ સિઝન, ૨૦૨૩માં ડુંગળીનું ઉત્પાદન ૨.૨૭ કરોડ ટન રહેવાનો અંદાજ છે. મૈત્રીપૂર્ણ દેશોમાં ડુંગળીની નિકાસને આંતર-મંત્રાલય જૂથની મંજૂરી મળ્યા પછી કેટલાક વિશેષ કિસ્સાઓમાં મંજૂરી આપવામાં આવે છે. સરકારે નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટ લિમિટેડ (NCEL) દ્વારા UAE અને બાંગ્લાદેશમાં ૬૪,૪૦૦ ટન ડુંગળીની નિકાસ કરવાની મંજૂરી આપી છે. અગાઉ, કેન્દ્રએ ગ્રાહકોને રાહત આપવા માટે ઓક્ટોબર ૨૦૨૩માં છૂટક બજારોમાં ૨૫ રૂપિયા પ્રતિ કિલોના રાહત દરે બફર ડુંગળીના સ્ટોકનું વેચાણ વધારવાનો નિર્ણય લીધો હતો.

દેશમાં ડુંગળીની વધતી કિંમતોને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે ડિસેમ્બર ૨૦૨૩માં તેની નિકાસ પર પ્રતિબંધ લગાવી દીધો હતો.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા. ૨૫-૦૩-૨૦૨૪ થી ૩૧-૦૩-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

પારિવારીક મદદથી અગત્યના કાર્યમાં સફળતા મળેવી શકશો. જીવનસાથી પ્રત્યે વિશેષ લગાવ રહે. સામાજિક કાર્યમાં સફળતા મળે. અકારણ વિવાદથી દૂર રહેવું. મન પ્રફુલ્લિત રહે. નવિન આનંદદાયક સમાચાર મળે. શત્રુ વર્ગ નિર્બળ બને. જો કોઈ સમસ્યા હોય તો તેનું સમાધાન થાયે તેવો સમય છે. આરોગ્ય અંગે સાવચેતી રાખવા જેવો સમય છે. આ સમય દરમિયાન મુસાફરી ટાળવી હિતાવહ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

પારિવારીક ક્ષેત્રે કાર્ય કરતા કોઈ ગુંચવણ પેદા ન થાય તે જોજો. આર્થિક આયોજનો સફળતાપૂર્વક પાર પડે. મોજ-શોખની નવી વસ્તુની ખરીદી થાય. રચનાત્મક પ્રવૃત્તિઓને વેગ મળે. રોષને કાબુમાં રાખશો તો નાના-મોટા કાર્યો સરળતાથી પાર પાડી શકશો. લાંબા પ્રવાસનું આયોજન થાય. ભાગીદારી વર્ગ સાથે વાણી ઘર્ષણ થવાનો સંભવ છે. દરેક કાર્યમાં ધીરજપૂર્વક આગળ ધપવું લાભદાયી નીવડે.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન તંદુરસ્તી બાબતે ખાસ સાવચેત રહેવું. નાણાંકીય રોકાણકારોએ પ્રતિકૂળ સમય હોઈ શક્ય હોય તેટલું રોકાણ ટાળવું. ભાઈ-બહેનના સહકારથી કાર્ય સફળતાથી પાર પાડી શકશો. જો કે, દામ્પત્ય જીવનમાં મતભેદ રહે. આર્થિક સમસ્યા હળવી થશે. અટકી પડેલા કાર્યો પૂર્ણ કરી શકશો. નોકરીયાત વર્ગને આકસ્મીક લાભ થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. અકસ્માતથી સંભાળવું.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન આકારણ ચિંતાને કારણે અકળામણ અને અશાંતિ વધે, મનને શાંત રાખવું હિતાવહ. વાણી સંયમ જાળવવો. નાણાંકીય જવાબદારીઓ વધે, આવક કરતા ખર્ચ વધી જાય. આ સમય દરમિયાન નાણાંનું રોકાણ કરવું નહીં કે મોટા સાહસિક કાર્યમાં ન પડવું. નોકરીયાત માટે આ સમય સારો ગણાવી શકાય. પ્રગત્તિ અને ઉન્નતિની તક મળે. વડીલો અને સ્નેહિજનોની તબિયત અંગે ચિંતા રહે, જીવનસાથીનો સહકાર મળે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન થોડી આર્થિક મૂંઝવણ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે બઢતી-બદલીના યોગ સર્જાય. વ્યાપારી વર્ગ માટે મધ્યમ સમય. હિતશત્રુઓથી સાવચેતી રાખવી હિતાવહ. માંગલિક કાર્ય માટે આયોજન થાય. આરોગ્ય બાબતે આ સપ્તાહે ખાસ ચિંતા જેવું નથી. તમે કરેલું આયોજન ગુપ્તતાપૂર્વક પરા પાડવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. કાર્યબોજમાં વધારો જોવા મળે. જો કે, તેનું શુભ ફળ પણ મેળવી શકશો.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

સામાજિક ક્ષેત્રમાં કાર્ય સફળતા તમને વિચારતા કરી મૂકે. નાણાંકીય દૃષ્ટિએ મધ્યમ ફળદાયી સમય છે. નોકરીયાત વર્ગને અપયશના ભાગીદાર ન બની જવાય તેની કાળજી રાખવી. અધિકારી વર્ગ કે વડીલ વર્ગ સાથે ખટપટમાં ન ઉતરવું. મિત્ર વર્ગ કે ભાઈ-બહેનની મદદ મળે. કાર્ય સફળતા માટે મહેનત વધારશો તો લાભ મેળવી શકશો. ગુપ્ત શત્રુઓ કે હિતશત્રુઓને પીછેહટ કરવી પડે. નવિન શુભ સમાચાર મળે.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

સપ્તાહની શરૂઆતમાં નાણાંકિય તંગી અનુભવાય. આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું નહિંતર પીછેહટ કરવાનો વખત આવે. બૌધિક કાર્યમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. રાજકીય બાબતોને લગતા કાર્યમાં સાવચેતી રાખવી. હિતશત્રુઓ સ્વમાન ભંગ માટે પ્રયત્નશીલ બને પરંતુ દાળ ગળે નહિં.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન નવી ઓળખાણો લાભદાયી નીવડે તેમજ જૂની ઓળખાણો પણ સફળતા માટે મદદરૂપ નીવડે. વડીલ વર્ગ સાથે મનદુઃખ ઊભું થાય પણ પાછળથી સુલેહ થઈ જાય. અધિકારી વર્ગ સાથે ચકમક ઝરે. જોખમી કાર્યો ટાળવા હિતાવહ. નાણાંકીય લાભ મેળવી શકશો. આકસ્મીક ધન લાભ થાય. પ્રિયજન સાથે વિશેષ લગાવ રહે. વાણી સંયમ જાળવવો હિતાવહ. ધનનાણાંકીય મૂંઝવણ દૂર કરી શકશો.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

નવિન શુભ સમાચાર આપનારું તેમજ માનસિક આનંદ-ઉલ્લાસમાં વધારો કરનારું આ સપ્તાહ નાણાંકીય સમસ્યાનો ઉકેલ લાવનારું નીવડે. પારિવારીક સભ્યોની મદદથી અગત્યના કાર્યમાં પ્રગતિ થાય. આકસ્મીક પ્રવાસ-પર્યટનના યોગ છે તથા અગત્યના મિલન-મુલાકાત હોય તો તે સફળ બને. કાર્યક્ષેત્રમાં કોઈ સમસ્યા ઊભી ન થાય તેની તકેદારી રાખજો. માંગલિક કાર્યમાં સફળતા મળે. કોઈને કોઈ કાર્યમાં વ્યસ્ત રહેવાને કારણે થાક અને સુસ્તીનો અનુભવ થાય.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ જરા સંઘર્ષસભર વ્યતિત થાય. ખાસ તો કાર્યબોજ વિશેષ રહે જેથી માનસિક ટેન્શન અને અકારણ ક્રોધના ભોગ ન બની જવાય તે માટે ખાસ સાવચેતી રાખવી નહિંતર પાછળથી પસ્તાવવાનો વખત આવે. આત્મવિશ્વાસ અને પુરૂષાર્થથી આ સમય દરમિયાન પ્રગતિ કરી શકશો. પડવા-વાગવાથી સંભાળવું. પરોપકારને લગતા કાર્યો ટાળવા નહિંતર પીડા વેઠવી પડે. ગુપ્ત ષડયંત્રના ભોગ ન બનો તેની ખાસ તકેદારી રાખવી.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સમય તમારા માટે મધ્યમ અને મિશ્ર ફળદાયી નીવડે. નવિન મકાન, વાહન આદિની ખરીદીના યોગ છે. રચનાત્મક કાર્યમાં રૂચિ વધે. આપત્તિ ટળે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય. આમોદ પ્રમોદમાં અધિક્તા રહે. લગન અને મહેનતથી અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. નવિન ખરીદી થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યો વિલંબમાં પડે. ગૃહજીવનમાં આનંદ રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન નિરાશાના વાદળો દૂર થતા જણાય. બોધરેશન હળવું થાય. મનમાં રાહત અનુભવાય. ધંધાકીય ક્ષેત્રે જરૂરી આવક મળી રહે પરંતુ પુરૂષાર્થ કરવું પડે. મહત્વના નિર્ણયો લઈ શકાય. નોકરીયાત માટે મિશ્ર સમય, વાણી સંયમ રાખવો અથવા ન બોલવામાં નવ ગુણ જેવી પરિસ્થિતિ રહે. ગૃહસ્થીજીવનમાં મતભેદ ન સર્જાય તે જોવું. આરોગ્ય જાળવવું હિતાવહ. ખાવા-પીવામાં કાળજી, નિયમિતતા રાખવી જરૂરી.

# ઈલેક્ટોરલ બોન્ડ્સ : ૨૦૧૯ની ચૂંટણી દરમ્યાન ભાજપને દાન આપનાર ટોચના દાતાઓ

નવી દિલ્હી તા.૨૬

ભારતીય ચૂંટણી પંચ (ECI)એ રાજકીય પક્ષો પાસેથી મળેલા સીલબંધ એન્વલપ્સની સામગ્રી અપલોડ કરી હતી જેમાં તેઓને ચૂંટણી બોન્ડ દ્વારા મળેલા દાનની વિગતો આપવામાં આવી હતી. જો કે, DMK, AIADMK અને જનતા દળ-સેક્યુલર જેવી માત્ર થોડી જ પાર્ટીઓએ તેમના ચૂંટણી બોન્ડ્સ ખરીદનાર કંપનીઓની વિગતો જાહેર કરી હતી. ભાજપને રૂા.૮,૭૦૦ કરોડથી વધુ રકમ મળી છે જે અન્ય તમામ પક્ષોને એકસાથે દાનમાં આપવામાં આવેલા દાનની સરખામણીમાં અત્યંત વધુ છે. જોકે, પક્ષે એ જાહેર કર્યું નથી કે કઈ કંપનીઓએ આ બોન્ડ ખરીદ્યા છે. કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસ એ પણ આ માહિતી જાહેર કરી નથી. બીજેપીના જણાવ્યા અનુસાર, તેઓએ આ માહિતી જાળવી રાખી નથી. જો કે, ભાજપ દ્વારા આપવામાં આવેલી વિગતોના આધારે, અમે ટોચની કંપનીઓ વિશે નિષ્કર્ષ ઉપર પહોંચી શકીએ છીએ. ભાજપ દ્વારા આપવામાં આવેલી વિગતો અને ECI વેબસાઈટ ઉપર અપલોડ કરાયેલા બોન્ડ ખરીદનારાઓના ડેટાબેઝના આધારે. સ્દ્ભત્ત ગ્રુપ દ્વારા ૮ મેના રોજ કોલકાતામાં બીજેપીના પ્રત્યેક ૧ કરોડ રૂપિયાના ૧૫૦ બોન્ડ ખરીદવામાં આવ્યા હતા. તેઓ ૧૦ મેના રોજ જમા થયા હતા. ૮ મેના રોજ, મદનલાલ પ્રાઈવેટ લિમિટેડ જે MKJ ગ્રુપનો ભાગ છે તેણે રૂા.૧૧૦ કરોડના બોન્ડ ખરીદ્યા હતા. આ જ જૂથની અન્ય કંપની કેવેન્ટર ફૂડ પાર્ક ઈન્ફ્રા લિમિટેડે તે જ દિવસે રૂા.૬૫ કરોડના બોન્ડ ખરીદ્યા હતા. આ જ જૂથે આ જ સમયગાળામાં બીજેપીના ચૂંટણી બોન્ડની બીજી મોટી ખરીદી કરી હોવાનું જણાય છે. ૧૦ મેના રોજ, પાર્ટી દ્વારા જાહેર કરવામાં આવેલી તારીખ મુજબ, કોલકાતામાં ભાજપ માટે ૧ કરોડ રૂપિયાના ૭૪ બોન્ડ ખરીદવામાં આવ્યા હતા. ૧૦ મેના રોજ, મદન લાલ પ્રાઈવેટ લિમિટેડે રૂા.૧ કરોડના ૭૫ બોન્ડ ખરીદ્યા હતા, ઉપરાંત રૂા.૧૦ લાખના સંખ્યાબંધ બોન્ડ્સ પણ ખરીદ્યા હતા. ૧૬ એપ્રિલના રોજ કોલકાતામાં ભાજપના ૧ કરોડ રૂપિયાના ૫૦ બોન્ડ ખરીદવામાં આવ્યા હતા. ડેટા દર્શાવે છે કે કેવેન્ટર ફૂડપાર્ક ઈન્ફ્રા લિમિટેડે તે દિવસે પ્રત્યેક ૧ કરોડ રૂપિયાના ૫૫ બોન્ડ ખરીદ્યા હતા. તે દિવસે અન્ય કોઈ કંપની કે કંપનીઓના જૂથે રૂા.૧ કરોડના ૫૦ કે તેથી વધુ બોન્ડ ખરીદ્યા ન હતા. ભાજપ દ્વારા જાહેર કરાયેલા ઈલેક્ટોરલ બોન્ડના ડેટા મુજબ ૯ મેના રોજ નવી દિલ્હીમાં ૧ કરોડ રૂપિયાના ૫૦ બોન્ડ ખરીદવામાં આવ્યા હતા અને તે બીજા દિવસે જમા કરવામાં આવ્યા હતા. ૯ મેના રોજ રૂા.૫૦ કરોડના બોન્ડની ખરીદી કરનાર ચાર કંપની એકબીજા સાથે સંકળાયેલી હતી.

- **NexG ઉપકરણ :-** દરેક રૂા.૧ કરોડના ૨૦ બોન્ડ
- **ઇન્ફોટેલ બિઝનેસ સોલ્યુશન્સ :-** દરેક રૂા.૧ કરોડના ૧૫ બોન્ડ
- **ઇન્ફોટેલ ટેક્નોલોજીસ પ્રાઇવેટ લિમિટેડ :-** રૂા.૧ કરોડના ૧૦ બોન્ડ્સ
- **ઇન્ફોટેલ એક્સેસ એન્ટરપ્રાઇઝિસ :-** ૧ કરોડ રૂપિયાના ૫ બોન્ડ ચાર કંપનીઓનું સરનામું સરખું છે - D-7 ધવનદીપ એપાર્ટમેન્ટ્સ, ૬, જંતરમંતર રોડ, નવી દિલ્હી - ૧૧૦૦૦૧.

ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર, ૬ મેના રોજ મુંબઈમાં પાર્ટી માટે ૧ કરોડ રૂપિયાના ૫૮ બોન્ડ ખરીદવામાં આવ્યા હતા.

**આ કંપનીઓ છે :-**

- **ઈશાન ટેકનિકલ પ્લાન્ટ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ** - દરેક રૂા.૧ કરોડના ૧૬ બોન્ડ
- **ટેલેન્ટો ટેકનિકલ પ્લાન્ટ પ્રાઈવેટ લિમિટેડ** - રૂા.૧ કરોડના ૧૨ બોન્ડ




- **રિયલ ટેકનિકલ સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ** - ૧ કરોડ રૂપિયાના ૧૧ બોન્ડ
- **જય ભારત ટેકનિકલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ** - ૧ કરોડ રૂપિયાના ૧૦ બોન્ડ
- **ઈન્ડસ્ટ્રીયલ ટેક્નો મેનપાવર સપ્લાય એન્ડ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ** - ૧ કરોડ રૂપિયાના ૯ બોન્ડ.

**આ કંપનીઓનું સરનામું અહી સૂચિબદ્ધ છે** - ગ્રાઉન્ડ ફ્લોર, પ્રિયમવડા બિલ્ડીંગ, જિંદાલ કોલોની, વીપીઓ વાસિંદ, તાલ શાહપુર વાસિંદ થાણે, મહારાષ્ટ્ર ૪૨૧૬૦૪. જો કે, બે કંપનીઓ આ સરનામે રૂમ ૭૭ ઉપર સૂચિબદ્ધ છે જ્યારે ત્રણ એ જ સરનામે રૂમ ૭૪ ઉપર છે.

જાન્યુઆરી ૨૦૧૩ના બિઝનેસ સ્ટાન્ડર્ડના અહેવાલ મુજબ, આમાંથી ત્રણ કંપનીઓનું નામ સીબીઆઈ દ્વારા તપાસ કરવામાં આવી રહેલા કથિત ભ્રષ્ટાચારના કેસમાં હતું. તે સમયે આ કેસમાં કર્ણાટકના પૂર્વ સીએમ બીએસ યેદિયુરપ્પા અને તેમના પુત્રોનું નામ પણ સામે આવ્યું હતું.

**મેઘા એન્જિનિયરિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ :-** ભાજપ દ્વારા આપવામાં આવેલી યાદીમાં, હૈદરાબાદમાં ૧૨ એપ્રિલે ૧ કરોડ રૂપિયાના ૪૫ બોન્ડની ખરીદી છે. રસીદની તારીખ ૧૫ એપ્રિલ અને જમા કરાવવાની તારીખ ૧૬ એપ્રિલ છે. આ સમયગાળામાં આ શ્રેણીમાં બોન્ડ ખરીદનાર હૈદરાબાદની એકમાત્ર ફર્મ મેઘા એન્જિનિયરિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ છે. તેણે ૧૨ એપ્રિલના રોજ ૧ કરોડ રૂપિયાના ૫૦ બોન્ડ ખરીદ્યા હતા. ૯ મેના રોજ હૈદરાબાદમાં ભાજપના ૧ કરોડ રૂપિયાના ૩૫ બોન્ડ ખરીદવામાં આવ્યા હતા. રસીદની તારીખ ૯ મે અને જમા કરાવવાની તારીખ ૧૦ મે છે. અમે ખરીદદારોની સૂચિ પર અનુરૂપ તારીખો જોઈ. તે દર્શાવે છે કે મેઘા એન્જિનિયરિંગે તે જ દિવસે ૧ કરોડ રૂપિયાના ૩૫ બોન્ડ ખરીદ્યા હતા. ૯-૧૦ મેના રોજ, ખરીદદારોની સૂચિમાં આપવામાં આવેલા ડેટાના આધારે, આ શ્રેણીમાં દાન આપનારી હૈદરાબાદની આ એકમાત્ર ફર્મ છે. એકંદરે, મેઘા એન્જિનિયરિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરે ૧૨ એપ્રિલથી ૨૨ મે સુધી રૂા.૧૨૫ કરોડના બોન્ડ ખરીદ્યા હતા. ભાજપની યાદીમાં રૂા.૫૦ કરોડથી વધુના બે બોન્ડની ખરીદી છે, આ બંને ૧૨ એપ્રિલે અને મુંબઈમાં છે. એકની રકમ ૫૦ કરોડ અને બીજી ૭૯ કરોડ જેટલી છે.

**૧. આદિત્ય બિરલા ગ્રુપ :-** તેમાં એસ્સેલ માઈનિંગ દ્વારા પ્રત્યેક રૂા.૧ કરોડના ૪૯ બોન્ડ અને ગ્રાસીમ ઈન્ડસ્ટ્રીઝના રૂા.૧ કરોડના ૨૦ બોન્ડનો સમાવેશ થાય છે.

**૨. પીરામલ ગ્રુપ :-** તેમાં PHL ફિનવેસ્ટના ૪૦ બોન્ડ, પિરામલ કેપિટલ એન્ડ હાઉસિંગના ૧૦ બોન્ડ અને પિરામલ એન્ટરપ્રાઈઝિસના ૧૦ બોન્ડનો સમાવેશ થાય છે. આમાંથી માત્ર પિરામલ ગ્રુપની કંપનીઓ મુંબઈમાં લિસ્ટેડ છે.

# UN હવામાન એજન્સીએ ૨૦૨૩-૨૪માં રેકોર્ડ ગરમી, બરફ પીગળવામાં વધારો, આબોહવા પરિવર્તન ઉપર 'રેડ એલર્ટ' જાહેર કર્યુ



જિનેવા, તા.૨૬

યુએન હવામાન એજન્સીએ ગ્લોબલ વોર્મિંગ વિશે "ગંભીર ચેતવણી" જાહેર કરી છે, જેમાં ગ્રીનહાઉસ વાયુઓ, જમીન અને પાણીના તાપમાનમાં ગયા વર્ષે રેકોર્ડ વધારા અને ગ્લેશિયર્સ અને દરિયાઈ બરફના પીગળવાની ઘટનાઓ અંગે વાત કરવામાં આવી છે અને ચેતવણી આપી છે કે વિશ્વના આ વલણને રોકવાના પ્રયાસો અપૂરતા છે. વર્લ્ડ મીટીરોલોજીકલ ઓર્ગેનાઈઝેશને જાહેર કરાયેલા "સ્ટેટ ઓફ ધ ગ્લોબલ ક્લાઈમેટ" રિપોર્ટમાં ચિંતા વ્યક્ત કરી છે કે આબોહવા ધ્યેય જોખમમાં છે: વિશ્વમાં ગરમી ૧.૫ ડિગ્રી સેલ્સિયસથી વધુ મર્યાદિત કરવા માટે પ્રયાસો કરવા જોઈએ. એજન્સીના સેક્રેટરી-જનરલ સેલેસ્ટે સાઉલોએ જણાવ્યું હતું કે, WMO દ્વારા વિશ્વને ગંભીર ચેતવણી આપવામાં આવી રહી છે. યુરોપિયન યુનિયનની કોપરનિકસ ક્લાઈમેટ સર્વિસ અનુસાર, માર્ચ ૨૦૨૩થી ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીનો ૧૨ મહિનાનો સમયગાળો ૧.૫-ડિગ્રી મર્યાદાથી આગળ વધી ગયો છે, જે સરેરાશ 1.56 C (2.81 F) છે. કેલેન્ડર વર્ષ ૨૦૨૩એ ૧.૪૮ સે (૨.૬૬ એફ) હતું જે ૧.૫ ડિગ્રી સેલ્સિયસથી નીચું હતું, પરંતુ આ વર્ષની રેકોર્ડ ગરમ શરૂઆત ૧૨-મહિનાની સરેરાશ સ્તરથી આગળ વધી ગઈ છે. યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે જણાવ્યું હતું કે, આ પૃથ્વી ઉપર એક સંકટ છે.

તાજેતરની સ્થિતિ વૈશ્વિક આબોહવાની અસર દર્શાવે છે. અશ્મિભૂત ઈંધણ પ્રદૂષણ આબોહવા પર અસર કરી રહ્યું છે.

તાજેતરના WMO તારણો ખૂબ જ ગંભીર છે. ૨૦૨૩માં, ૯૦ ટકાથી વધુ સમુદ્રના પાણીમાં ઓછામાં ઓછી એક વાર ગરમીના મોજાની સ્થિતિનો અનુભવ થયો હતો. ૧૯૫૦થી હિમનદીઓમાં રેકોર્ડ સાથે સૌથી વધુ બરફ ઓછો થયો છે એન્ટાર્કટિક સમુદ્રનો બરફ તેના અત્યાર સુધીના સૌથી નીચા સ્તરે છે. યુનિવર્સિટી ઓફ મિશિગન સ્કૂલના ડીન જોનાથન ઓવરપેકે જણાવ્યું હતું કે, મને સૌથી વધુ ચિંતા એ છે કે પૃથ્વી ગ્રહ હવે મેલ્ટડાઉન તબક્કામાં છે. સાઉલોએ આ આબોહવા સંકટને માનવતા માટે નિર્ણાયક પડકાર ગણાવ્યો અને કહ્યું કે તે અસમાનતાના સંકટ સાથે જોડાયેલું છે, જે વધતી જતી ખાદ્ય અસુરક્ષા અને સ્થળાંતરમાં જોવા મળે છે. ડબ્લ્યુએમઓએ જણાવ્યું હતું કે, ૨૦૨૩માં દરેક ખંડ ઉપરના જીવન અને આજીવિકા ઉપર આબોહવા પરિવર્તનને કારણે ઉગ્ર હીટવેવ્સ, પૂર, દુષ્કાળ, જંગલની આગ અને ઉષ્ણકટિબંધીય ચક્રવાતની અસર અનુભવાઈ હતી. આ ઘટનાઓ ખરેખર દુઃખદાયક છે. એજન્સીએ પૃથ્વીને વધુ પડતા તાપમાનથી બચાવવાના પ્રયાસમાં "આશા" પણ રાખી છે. પવન, સૌર ઉર્જા અને જળશક્તિમાં નવીનીકરણીય ઉર્જા ઉત્પાદન ક્ષમતા ૨૦૨૨ થી લગભગ ૫૦ ટકા વધીને કુલ ૫૧૦ ગીગાવોટ થઈ છે. આબોહવા નિષ્ણાતો અને સરકારના પ્રધાનો ડેનિશ રાજધાની કોપનહેગનમાં મીટીંગ કરી હતી જેમાં ગ્લોબલ વોર્મિંગ સામે લડવા માટે રાષ્ટ્રીય પ્રતિબદ્ધતા સહિત અનેક આબોહવા પગલાં માટે વાત કરવામાં આવી હતી. બ્રિટિશ કોલંબિયાના પૂર્વ ધારાસભ્ય, યુનિવર્સિટી ઓફ વિક્ટોરિયા ક્લાયમેટ સાયન્ટિસ્ટ એન્ડ્રુ વીવરે જણાવ્યું હતું કે, દર વર્ષે આબોહવાની સ્થિતિ વધુ ખરાબ થાય છે; દર વર્ષે ડબલ્યુએમઓ અધિકારીઓ અને અન્ય લોકો ચેતવણી જાહેર કરે છે કે તાજેતરનો અહેવાલ નિર્ણય એ જાગૃતિનો કોલ છે.

# બોટ દુર્ઘટના બાદ શૈક્ષણિક પ્રવાસને લઈને માર્ગદર્શિકા જાહેર કરાઈ

## જળાશયોમાં બોટિંગ રાઈડ ટાળવા તાકીદ, જરૂર પડે તો વધુ વિદ્યાર્થીને ન બેસાડવા સૂચન, છોકરા-છોકરીના સંયુક્ત પ્રવાસ વખતે મહિલા કર્મચારીને સાથે રાખવાના રહેશે

અમદાવાદ,તા૨૬

રાજ્યની શાળાઓ દ્વારા લઈ જવાતા પ્રવાસ દરમ્યાન તાજેતરમાં બનેલી ઘટનાઓ બાદ કમિશ્નર ઓફ સ્કૂલની કચેરી દ્વારા પ્રવાસને લઈને માર્ગદર્શક સુચનાઓ બહાર પાડી છે. જેમાં પ્રવાસ દરમ્યાન જળાશયોમાં બોટિંગ રાઈડ બને ત્યાં સુધી ટાળવા માટે જણાવાયું છે. જો બેસાડવાના થાય તો પણ બોટની ક્ષમતા કરતા વધુ ન બેસે અને બિમાર વિદ્યાર્થી ન બેસે તેની ખાતરી કરવાની રહેશે. ઉપરાંત છોકરા અને છોકરીના સંયુક્ત પ્રવાસ વખતે મહિલા કર્મચારી સાથે રાખવાના રહેશે અને કોઈ અઘટિત ઘટના ન બને તે માટે ખાસ કાળજી લેવાની રહેશે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની શાળાઓને સ્થાનિક તથા રાજ્ય બહાર પ્રવાસ કરવા માટે મંજુરી આપવામાં આવે છે. શાળાઓ દ્વારા યોજાતા પ્રવાસમાં તાજેતરમાં પ્રવાસ દરમ્યાન અનિચ્છનીય બનાવો જેમ કે રોડ અકસ્માત-બોટ દુર્ઘટના જેવા બનાવો બનવા પામેલ છે. આ ઘટનાઓ સંદર્ભે માર્ગદર્શક સુચનાઓ જારી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્ય ઉપર અસર ન થાય તે રીતે પ્રવાસનું આયોજન કરવાનું રહેશે. સ્થળો માટે પ્રવાસ મંજુરી આપવામાં આવેલ હોય તેવા જ સ્થળોની મુલાકાત લેવાની રહેશે. મંજુરી સિવાયના સ્થળોની લીધેલ મુલાકાત દરમ્યાન કોઈ પણ અઘટિત બનાવ બનશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળાની રહેશે. પ્રવાસ દરમ્યાન જળાશયોમાં બોટિંગ રાઈડિંગ બને ત્યાં સુધી ટાળવી. આમ છતાં બોટમાં ક્ષમતા કરતા વધુ વિદ્યાર્થીઓને બેસાડવા નહી. ઉપરાંત કોઈ વિદ્યાર્થી એપીલેપ્સી (વાઈ)ની બિમારીથી ગ્રસિત હોય, બોટ રાઈડિંગથી ચક્કર આવતા હોય તો આવા પ્રકારના વિદ્યાર્થીઓની ખાતરી કર્યા બાદ જ બોટ રાઈડીંગ કરાવવું. પ્રવાસ દરમ્યાન રાજ્યમાં કે રાજ્ય બહાર આલ્કોહોલિક, કેફી-નશાયુક્ત પ્રવાહી દ્રવ્યોનો ઉપયોગ કરવામાં ન આવે તેમજ સાથે રાખવામાં ન આવે તથા બહારના રાજ્યોમાંથી ખરીદીને સાથે લેવામાં ન આવે તેની સંપૂર્ણ ખાતરી કરી લેવાની કાળજી રાખવાની રહેશે. જ્યા છોકરા અને છોકરીઓનો સંયુકત પ્રવાસ યોજેલો હોય ત્યારે મહિલા કર્મચારી સામેલ રાખવા તેમજ સંયુક્ત ગ્રુપમાં કોઈ અઘટિત ઘટના ન બને તે માટે વિશેષ તકેદારી રાખવાની રહેશે. પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓ ફુડપોઈઝનિંગનો ભોગ ન બને તે માટે તાજુ ભોજન પીરસાય તે બાબતની કાળજી લેવાની રહેશે.

# ગુજરાતમાં કાળઝાળ ગરમીના આરંભની શરૂઆત : તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર થયો

અમદાવાદ,તા.૨૬

રાજયમાં કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ગઈ છે. બપોરના સમયે અંગ દઝાડતી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. સીઝનમાં પ્રથમ વખત પારો ૪૦ ડિગ્રીને પાર ગયો છે. રાજકોટમાં ૪૦.૧ નોંધાયું હતું. જયારે અનેક શહેરોનું તાપમાન ૩૯થી ૩૮ની નજીક રહ્યું છે. જયારે આગામી દિવસોમાં દર વર્ષે માર્ચ મહિનાની શરૂઆતથી ઉનાળાની શરૂઆત થઈ જતી હોય છે. પરંતુ આ વર્ષે અગાઉના વર્ષની તુલનામાં માર્ચ મહિનાનું સામાન્ય તાપમાન ઓછું રહ્યું છે. માર્ચ મહિનાની શરૂઆતમાં કમોસમી વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો થયો હતો, પરંતુ આ મહિનાના બીજા સપ્તાહથી જ તાપમાનથી ગુજરાતવાસીઓને ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા આગામી માર્ચ મહિનાના અંત સુધીમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી સુધી પહોંચે એવી શકયતા વ્યકત કરવામાં આવી છે. બીજી તરફ હવામાન નિષ્ણાતોની વાત માનીએ તો આગામી દિવસોમાં કમોસમી વરસાદ થવાની પણ શકયતા છે. હવામાન નિષ્ણાતે આગાહી કરી છે કે કેટલાક ભાગોમાં તા.૨૭ માર્ચ સુધી વાદળછાયું વાતાવરણ રહી શકે છે. આ સાથે તેમણે જણાવ્યું કે પશ્ચિમી સૌરાષ્ટ્રના દરિયા કિનારાના ભાગોમાં પવન વધુ રહેશે. કચ્છના ભાગોમાં પવન વધુ રહે અને વાદળ રહેવાની શકયતા છે. આ દરમ્યાન દરીયા કિનારાના કેટલાક ભાગોમાં અને ઉત્તર ગુજરાતમાં કેટલાક સ્થળોએ કયાંક કયાંક હળવો વરસાદ પડી શકે છે.

# મોરબીની દુર્ઘટનામાં પીડિતોની શિક્ષણ અને નિર્વાહ બાબતે કાળજી રાખવા માટે ટ્રસ્ટ બનાવવા હાઈકોર્ટનો આદેશ


## પીડિતોને સહાય કરો, CMD જેલમાં હોય તો ઉત્પાદન અટકી ન જાય, મોરબીમાંથી તમે પૈસા કમાયા છો તો તેને એડોપ્ટ કરવું જોઈએ, હાઈકોર્ટની સાફ વાત : જયસુખ પટેલને સુપ્રીમ કોર્ટમાંથી મળ્યા જામીન

અમદાવાદ, તા.૨૬

મોરબી બ્રિજ દુર્ઘટના બાબતે થયેલો સુઓમોટો પિટિશન ઉપર તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સુનાવણી હાથ ધરાઈ હતી. સુનાવણી દરમ્યાન ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરૂદ્ધ માયીની ખંડપીઠે ઓરેવા કંપનીને જણાવ્યું હતુ કે, પીડિતોને સહાય કરો. CMD જેલમાં હોય તો ઉત્પાદન અટકી ન જાય. મોરબીમાંથી તમે પૈસા કમાયા છો તો તેને એડોપ્ટ કરવું જોઈએ. તેમજ કોર્ટે એક યુવતીને મુંબઈમાં ઘર આપવા આદેશ પણ કર્યો હતો. સુનાવણી દરમ્યાન દુર્ઘટનામાં જરૂરિયાતમંદ પીડિતોનો ડેટા જે મોરબી કલેક્ટરે હાઈકોર્ટના આદેશ ઉપર તૈયાર કર્યો હતો તેને સુધારીને ફરી કોર્ટ સમક્ષ મૂક્યો હતો. જેની ઉપર કોર્ટમાં ચર્ચા થઈ હતી. આ ડેટા મુજબ ૭૪ ઘાયલો, ૩ પીડિતો જેઓ ૪૦ ટકાથી વધુ શારીરિક રીતે અક્ષમ બનેલા છે, ૪ માનિસક આઘાતમાં સરી પડેલા પીડિતો, ઉપરાંત ૧૦ વિધવા તેમજ આ દુર્ઘટનામાં અનાથ બાળકો માટે શું કરી શકાય તે માટેના આદેશો કોર્ટે ઓરેવા કંપનીને આપ્યા હતા. કોર્ટે ઓરેવા કંપનીને જણાવ્યું હતુ કે, પીડિતોને સહાય કરો. CMD જેલમાં હોય તો ઉત્પાદન અટકી ન જાય. મોરબીમાંથી તમે પૈસા કમાયા છો તો તેને એડોપ્ટ કરવું જોઈએ. તેમજ કોર્ટે એક યુવતીને મુંબઈમાં ઘર આપવા આદેશ પણ કર્યો હતો. અનાથ થયેલા બાળકોની ફી અને પ્રાથમિક જરૂરિયાતો બાબતે પૈસા આપવા માટે જણાવ્યું હતું અને તમામ લોકોની કાળજી રાખવા માટે ટ્રસ્ટ બનાવવાનો પણ હાઈકોર્ટે નિર્દેશ કર્યો હતો. કોર્ટે હુકમ કર્યો હતો કે, ઓરેવા કંપની આ પરિવારોના બાળકોનો શિક્ષણ ખર્ચ ઉપાડે. તેમજ ૧૮ વર્ષીય દીકરીને આગળ ભણાવવા વ્યવસ્થા કરે. સાથે જ કોર્ટે એવા બાળકોને પણ અનાથ ગણવા કહ્યું હતું કે, જેમના પિતા ગુજરી ગયા હોય. કારણ કે, આવી પરિસ્થિતિમાં માતાએ મજબૂરીથી આર્થિક ઉપાર્જનનું કામ કરવું પડે છે. સંયુક્ત કુટુંબમાં તેમની આવક અને બચત નહીંવત હોય છે. કોર્ટે ઓરેવાને અનાથ બાળકો, વિધવા મહિલાઓ, વૃદ્ધ, પીડિતો વગેરે માટે ટ્રસ્ટ બનાવવા પણ સૂચન કર્યું છે. બાળકોની સ્કૂલ ફી, સહાયકારી રકમ, પ્રાથમિક જરૂરિયાતોની પૂર્તિ વગેરે માટે ઓરેવાએ કામ કરવું પડશે. આ પીડિતોના એક વિધવા મહિલાનો પણ સમાવેશ થાય છે. જેના બે વર્ષના સંતાનના ઉછેરની જવાબદારી તેના માથે છે. કોર્ટે કંપનીના અધિકારીઓને આ અંગેના કામ માટે સ્પેશિયલ રોકવા જણાવ્યું હતું. જો કે, કોર્ટ સમક્ષ માહિતી આવી હતી કે, મોરબી બ્રિજ દુર્ઘટનાના મુખ્ય આરોપી જયસુખ પટેલને સુપ્રીમ કોર્ટે જામીન આપ્યા છે. અત્યાર સુધી જયસુખ પટેલ જેલમાં હોવાથી નિર્ણય લેવાની તકલીફોની દલીલ કોર્ટે ફગાવી દેતાં કહ્યું હતું કે, કંપનીના ડિરેક્ટરો કે જયસુખના પરિવારજનો નિર્ણય લઈ શકતા હતા. કંપની અનાથ નથી. CMDના હોવાથી કંપનીનું ઉત્પાદન અટકી જતું નથી. કોર્ટે ઓરેવા કંપનીને મોરબી કલેક્ટર સાથે બેસી પીડિતોનો તમામ ડેટા મેળવી તેનું એનાલીસિસ કરી પીડિતો માટે અત્યારસુધી કંપનીએ શું કર્યું છે? તેમજ શું કરશે તેનો જવાબ માંગ્યો છે. કોર્ટ મિત્ર પણ તેમાં કંપની અને સરકારને સહાય કરશે. કંપની એફિડેવિટ ફાઈલ કરશે જેની કોર્ટ ચકાસણી કરશે. વિગતો એકબીજાને સાંકળતી હોવી જોઈએ. જેમાં બાળકોને શિક્ષણ, વિધવાઓ માટે નોકરી અને દર મહિનાની સહાય વગેરે માહિતી હોવી જોઈએ. વિધવા સંયુક્ત કુટુંબમાં રહેતી હોય તો પણ તેને મદદ કરવાની રહેશે. કોર્ટ આગળ પણ બીજા પીડિતોને મદદ કરવા આ જ પ્રમાણે હુકમ કરશે. ઓરેવાએ મોરબીને એડોપ્ટ કરવું જોઈએ, તેની કાયાપલટ કરવી જોઈએ. કંપનીએ ત્યાંથી જ પૈસા કમાય છે. એડવોકેટ જનરલે જણાવ્યું હતું કે, ઓરેવા ઘડિયાળ કંપનીમાં ૩ હજાર મહિલાઓ કામ કરે છે. કોર્ટે ઓરેવાને પબ્લિક વેલ્ફેર ઓફિસર રાખવા પણ જણાવ્યું હતું. આ મુદ્દે કોર્ટે વધુ સુનાવણી ૩ અઠવાડિયા બાદ રાખી છે.

# હીટવેવના પગલે શાળાઓને સમય પુર્નઃ સુનિશ્ચિત કરવા માટે તાકીદ

## હીટવેવથી વિદ્યાર્થીઓને બચાવવા રમત-ગમતની પ્રવૃત્તિ ટાળવા માટે પણ સૂચન
## હીટવેવને લઈ કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા DEOને પત્ર પાઠવવામાં આવ્યો




અમદાવાદ, તા.૨૬

રાજ્યમાં માર્ચના અંત સાથે જ ગરમીનો પારો સતત વધી રહ્યો છે ત્યારે હીટવેવને લઈ વિદ્યાર્થીઓને અસર ન થાય તે માટે કમિશ્નર ઓફ સ્કૂલની કચેરીએ રાજયના તમામ DEOને પત્ર લખ્યો છે. જેમાં હીટવેવ માટે શાળાઓએ સમય પુર્નઃ સુનિશ્ચિત કરવા જણાવાયું છે. ઉપરાંત હીટવેવથી બચવા માટે રમત-ગમતની પ્રવૃત્તિ ટાળવા માટે પણ તાકીદ કરવામાં આવી છે. શાળા સમય દરમ્યાન વિદ્યાર્થીઓને તાસ વચ્ચે પણ પાણી પીવાની છુટ આપવા માટે સુચન કરાયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યમાં માર્ચ માસના અંત સાથે જ ગરમીનો પારો રોજેરોજ સતત વધી રહ્યો છે. હજુ તો સ્કૂલોમાં વાર્ષિક પરીક્ષાઓ પૂર્ણ થવાને પણ લગભગ એક માસ જેટલો સમય બાકી રહ્યો છે ત્યારે હજુ રાજ્યમાં ગરમી વધશે. ઉનાળામાં એપ્રિલ અને મે મહિનામાં ગરમીનો પારો ટોપ ઉપર હોય છે. આવા સંજોગોમાં વાતાવરણની સાથે શરીરની ગરમી પણ વધવા લાગે છે. જેના કારણે ડીહાઈડ્રેશન અને લૂ લાગવાની સંભાવના વધી જાય છે. જેથી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ઉનાળાની ગરમીમાં સલામતી માટે કમિશ્નર ઓફ સ્કૂલની કચેરી દ્વારા રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પત્ર લખીને પગલા લેવા તાકીદ કરી હોવાનું જાણવા મળે છે. ગરમીના પગલે શાળામાં જે સુચનાઓ આપવાની છે. તેમાં બપોર સમયના પીક હીટથી બચવા માટે શાળાનો સમય પુર્નઃ સુનિશ્ચિત કરવા માટે જણાવાયું છે. જેમાં ગરમીનો પારો વધવાના લીધે બપોર પાળીની સ્કૂલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મુશ્કેલી ન પડે તે માટે સ્કૂલો વહેલી કરવા સહિતના પગલા લેવા માટે જણાવાયું છે. આ ઉપરાંત તમામ શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં પીવાના પાણીની પરબની વ્યવસ્થા કરવાની રહેશે. ઉનાળા દરમ્યાન બપોરના સમયે ખુબ જ ગરમી હોય છે, સવારે પણ ૯ વાગ્યા પછી ગરમી લાગવાની શરૂ થઈ જતી હોય છે. આ સંજોગોમાં રમત-ગમતની આઉટડોરની પ્રવૃતિઓ ટાળવા માટે જણાવાયું છે. શાળા પરિસરમાં છાયાદાર વૃક્ષોના વૃક્ષારોપણ પ્રવૃતિમાં વધારો કરવા માટે પણ સૂચન કરાયું છે. જેના પગલે ઉનાળામાં છાંયડો વધુ રહેવાથી વિદ્યાર્થીઓને ગરમીની અસર ઓછી વર્તાય. શાળા તાસ દરમ્યાન બાળકોને પાણી પીવાની છુટ આપવી જોઈએ. હાલમાં સ્કૂલમાં વિદ્યાર્થીઓને માત્ર રિસેસ સમય દરમ્યાન જ પાણી પીવાની છુટ મળતી હોય છે. પરંતુ ઉનાળા દરમ્યાન તાસ દરમ્યાન પણ છૂટ અપાશે. આ સૂચનાઓનો તમામ સ્કૂલોમાં પાલન કરાવવા માટે તાકીદ કરવામાં આવી છે.

# ચારણ ગઢવી સમાજ દ્વારા કેન્દ્રીય મંત્રી અને ભાજપના રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલાનું ઉષ્માસભર અભિવાદન કરાયું

## ચારણ સમાજ હંમેશા શાસક અને સમાજને સાચો રાહ ચિંધતો આવ્યો છે : પરસોતમભાઈ રૂપાલા



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૨૬

તાજેતરમાં રાજકોટ ખાતે ચારણ ગઢવી સમાજ દ્વારા કેન્દ્રીય પશુપાલન મંત્રી અને ભાજપના રાજકોટ-૧૦ લોકસભા બેઠકમાં ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલાનું ઉષ્માસભર અભિવાદન કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ અભિવાદનના પ્રત્યુતરમાં કેન્દ્રીય મંત્રી અને ભાજપના રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે શકિતની વાત હોય કે સમાજલક્ષી વાત હોય ત્યારે ચારણ ગઢવી સત્યની પડખે ઉભો રહયો છે. તેમજ ચારણ સમાજ શાસક અને સમાજને સાચો રાહ ચિંધતો રહયો છે.


શ્રી રૂપાલાએ આ તકે જણાવેલ કે ચારણ સમાજ રાણા પ્રતાપ અને છત્રપતિ શિવાજીની વીરતાની વાતો કરે છે ત્યારે આજની નવી પેઢીને આપણ સરહદો ઉપર રાત-દિવસ દેશની સુરક્ષા કરતા શહીદ વીર જવાનોની વાતો સમાજ સુધી પહોંચાડીને કર્તવ્ય નિભાવવા આહવાન કર્યુ હતું. શહીદ જવાનોની શહાદતને ચારણની જીભ-કલમ સ્પર્શે તો તેમની શહીદી અમર બની જાય છે.

આ તકે તેમણે ઉમેર્યુ કે 'હું ચારણનો ખેડૂત છુ, ખેડૂતને ટેકો આપવાનું હવે તમારૂં કામ છે અને સમાજની જવાબદારી છે'. આ કાર્યક્રમના પ્રમુખસ્થાને નરેન્દ્રભાઈ (નિતુભાઈ) ઝીબાએ સમાજને આહવાન કર્યૂ કે રાષ્ટ્રભકિત સાથે પ્રજાના કામોમાં અગ્રેસર આપણા નેતા શ્રી પરસોતમભાઈ રૂપાલાને જંગી લીડથી ચૂંટી કાઢવા જોઈએ. આ તકે ગઢવી સમાજમાંથી ૧૦ હજાર અને અન્ય સમાજમાંથી ૧૦ હજાર મતો મેળવી આપવા માટે હાથ ઉંચો કરીને જન સમુદાયમાંથી સમર્થન મેળવ્યું હતું. તેમણે આ તકે અર્થવેદની એક પંકિત ટાંકીને જણાવ્યું હતું કે 'વીર ભોગ્યે વસુંધરા' શકિતશાળી માણસ પૃથ્વી ઉપર શાસન કરી શકે છે. આવા શકિતશાળી માણસોની ચાર પ્રકારની શકિત દર્શાવવામાં આવી છે. જેમાં રાજનૈતિક કે કુટનીતિ શકિત,ધન, સંપદાશકિત, સૈન્યશકિત અને આધ્યાત્મિક શકિતનો સમાવેશ થાય છે. આ ચાર શકિતઓ આપણા યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને પરસોતમભાઈ રૂપાલામાં જોવા મળે છે. આ કાર્યક્રમમાં શારીરિક અશકત અને ચાલી શકે તેમ ન હોવા છતા ૯૪ વર્ષના વૃધ્ધ મહિલાએ શ્રી રૂપાલા અને સમાજના પ્રમુખ નરેન્દ્રભાઈ ઝીબાને પોતાની પાસે બોલાવીને મીઠણા લઈ આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે સમાજના આગેવાનો સર્વેશ્રી જામખંભાળીયાના પી.એમ. ગઢવી, ઈસરધામના કાળુભાઈ ગઢવી, યોગેશભાઈ બોકસા, ડો. અંબાદાન રોહડીયા અને અન્યોએ કન્યા શિક્ષણ માટે છાત્રાલયની અગત્યતા સાથે સમાજના સર્વાંગિ વિકાસની વાત કરી હતી. આ તકે સમાજ દ્વારા પરસોતમભાઈ રૂપાલાનું સોનલમાં અને ઈસરદાસથી મહારાજની પ્રતિમાની પ્રતિકૃતિ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાંતિભાઈ ગઢવી અને રાજુભાઈ ઈસરાણીએ કર્યુ હતું. આ તકે સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સભ્ય રામભાઈ મોકરીયા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, ઘોઘભા જાડેજા, નાગદાનભાઈ ચાવડા, બાબુભગત વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

જયારે ચારણ સમાજના અગ્રણીઓમાં ચારણ સમાજના પ્રમુખ નરેન્દ્રભાઈ (નીતુભાઈ) ઝીબા, ઉપપ્રમુખ શકિતદાન ટાપરીયા, મંત્રી મેરૂભાઈ બરહટ, ટ્રસ્ટીઓ મહેશભાઈ બારહટ, સુખદેવભાઈ ગઢવી, ભગવતભાઈ ગઢવી, સુભાષભાઈ ગઢવી, અશોકભાઈ ગઢવી, સમીરભાઈ ગઢવી, પ્રવિણભાઈ ગઢવી, રાજુભાઈ હેમુભાઈ ગઢવી, પ્રકાશભાઈ કવલ, આલાભાઈ ભુવા, મહિમતભાઈ ફુલડા, રામભાઈ જમંગ, ચંદુભાઈ સાબા, આણંદભાઈ પાલીયા, મહેશભાઈ મોટા, એમ.ડી. ગઢવી, મઢડાના ગીરીશભાઈ મોઢ, ગાંધીનગરના નરહરદાન દેથા, જામખંભાળીયાના પી.એમ. ગઢવી, સચાણા ઈસરધામથી કાળુભાઈ ગઢવી, અમુભાઈ ગઢવી અને સમાજના એક હજારથી વધુ સંખ્યામાં ભાઈ-બહેનો ઉપસ્થિત રહયા હતા.

# અંધારામાં પણ જાગૃત ગીર સોમનાથ જિલ્લા કલેક્ટરતંત્ર

# દરિયાઈ પટ્ટી પરથી પ્રથમવાર શંકાસ્પદ રૂા.૨ લાખથી વધુનો ડિઝલનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો



વેરાવળ તા. ૨૬

ગુજરાત દેશનો સૌથી મોટો લાંબો દરિયાઈ કિનારો ધરાવે છે અને દરિયા કિનારા પરથી છેલ્લા થોડા સમયથી શંકાસ્પદ વસ્તુઓ મળવાની ઘટનાઓ અને બીનાઓ તાજેતરમાં ધ્યાનમાં આવી છે. ત્યારે, ગીર સોમનાથ જિલ્લા કલેકટર ટીમ દ્વારા દરિયાઈ સુરક્ષાને પ્રાધાન્ય આપીને દરિયા કિનારે થતી ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

જિલ્લા કલેકટર શ્રી દિગ્વિજયસિંહ ડી. જાડેજાની સૂચના અને સીધી દેખરેખ હેઠળ જિલ્લા કલેકટરશ્રીની ટીમ દ્વારા આ અન્વયે કોડિનાર તાલુકાના મૂળદ્વારકા બંદર પર ગેરકાયદેસર શંકાસ્પદ ડિઝલની હેરાફેરી થતી હોવાની શંકાના આધારે મૂળદ્વારકા બંદર પરથી કુલ ૭૦ થી વધારે બોટની તપાસ હાથ કરવામાં આવી હતી. જેમાંથી ૩ બોટ શંકાસ્પદ જણાતા તેની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી.

આજે વહેલી સવારે કલેકટર તંત્રની બાજનજર હેઠળ ચુસ્ત દેખરેખ વચ્ચે દરિયામાં રહેલી બોટ પર રાખવામાં આવી રહેલી નજર અંતર્ગત અમૂક બોટ પર શંકાસ્પદ ડિઝલ હોવાની જાણકારી મળતા જિલ્લા કલેકટરતંત્ર દ્વારા તુરંત જ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને અંધારી રાતે પણ તુરંત સતર્કતા અને જાગરૂકતા દાખવીને દરિયાઈ પટ્ટી પરથી પહેલી વખત શંકાસ્પદ રીતે સંગ્રહિત ડિઝલનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો.

આશરે રૂા. ૧૫ લાખની કિંમતની આ ૩ બોટો પરથી આશરે ૨,૨૩૦ લીટર ડિઝલ ઝડપી પાડવામાં આવ્યું હતું. જેની અંદાજિત કિંમત રૂા.૨,૧૪,૦૮૦ થવા જાય છે. જ્યારે મુદ્દા માલ સહિતની કિંમત રૂા.૧૭,૫૯,૦૮૦ થવા જાય છે. કલેકટર તંત્રની સજાકતાને કારણે ગઈકાલે જ ખનીજ ચોરી પકડી પાડવામાં આવી હતી અને આજે ફરી એકવાર શંકાસ્પદ રીતે સંગ્રહિત ડિઝલનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે અને જે બોટ પરથી આ જથ્થો મળી આવ્યો હતો તેને પણ સીઝ કરવામાં આવી છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## કેન્દ્રીય મંત્રી પુરસોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં

# એચ.એન. શુકલ કોલેજ ખાતે વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ અને વાર્ષિક સમારોહ યોજાયો

## એચ.એન. શુકલ કોલેજના વાર્ષિક ઉજવણી સમારોહમાં કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ અવનવી કૃતિઓ રજુ કરી લોકોને મંત્રમુગ્ધ કર્યા

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૨૬

શહેરની જાણીતા શૈક્ષણિક સંસ્થા શ્રી એચ.એન. શુકલ ગ્રુપ ઓફ કોલેજનો વાર્ષિક શૈક્ષણિક સમારોહ કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ વાર્ષિક ઉજવણી સમારોહમાં કોલેજના યુનીવર્સીટી કક્ષાએ પ્રથમ આવેલ તથા ગોલ્ડ મેડલ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન તેમ રમત-ગમતની પ્રવૃતિમાં આંતર યુનીવર્સીટી અને રાષ્ટ્રીય કક્ષાએ જોડેલ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને મેડલ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ વાર્ષિક વિદ્યાર્થી સમારોહમાં કાર્યક્રમનું સંચાલન કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ તકે પ્રેરક ઉદ્‌બોધન કરતા પરસોતમભાઈ રૂપાલાએ જણાવેલ હતું કે દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર દ્વારા ભારતને આત્મનિર્ભર અને વિશ્વગુરૂ બનાવવાની દિશામાં ઝડપી પગલા ભરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશને વિકાસની નવી ઉંચાઈ ઉપર લઈ જવા માટે સતત પ્રયાસો થઈ રહયા છે અને વિકસિત ભારત-૨૦૪૭ સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્ર તરીકે સુનિશ્ચિત કરવા સતત પ્રયત્નશીલ છે. અને આ અંગેનો રોડમેપ તૈયાર થઈ ચુકયો છે, જે બોલે છે તે કરે છે તો 'મોદીની ગેરંટી છે.' દેશમાં અત્યારે ગરીબ કલ્યાણ, મહિલા સશકિતકરણ, યુવા ઉત્થાન અને ખેડૂત સન્માનનો નવો અધ્યાય લખાઈ રહયો છે. છેલ્લા દશ વર્ષમાં ૨૫ કરોડ લોકો આરોગ્ય, શિક્ષણ અને જીવનધોરણની દ્રષ્ટિએ ગરીબીમાંથી બહાર આવ્યા છે. આયુષ્યમાન ભારત યોજના અને જન ઔષધિ કેન્દ્રો કરોડો લોકો માટે આશિર્વાદરૂપ સાબિત થયા છે. ત્યારે એચ.એન. શુકલ કોલેજના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા પરસોતમભાઈ રૂપાલાએ જણાવેલ કે આપણી પાસે ઐતિહાસિક વિરાસતનો અમૂલ્ય વારસાની સાથોસાથ અદ્યતન ટેકનોલોજી છે ત્યારે આ ઐતિહાસિક વારસા અને અદ્યતન ટેકનોલોજીના સુભગ સમન્વય સાથે આજનું યુવાધન દેશની વિકાસગાથામાં અનેરૂ યોગદાન આપી નયા ભારતના નિર્માણમાં સહભાગી થઈ શકે છે.




આ તકે એચ.એન. શુકલ કોલેજ ગ્રુપના પ્રમુખ ડો. નેહલભાઈ શુકલએ પરસોતમભાઈ રૂપાલાને શાલ ઓઢાડી બુકે અર્પણ કરી સન્માનીત કરેલ હતા. આ વાર્ષિક ઉજવણી સમારોહમાં કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ અવનવી કૃતિઓ રજુ કરી લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ તકે કોલેજના વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીગણ સહિત ૩૦૦૦ થી વધુ લોકો ઉપસ્થિત રહયા હતા.

આ વાર્ષકિ સમારોહ કાર્યક્રમને સફળ બનાવવા એચ.એન. શુકલ કોલેજના ડો. નેહલ શુકલ, ડો. મેહુલ રૂપાણી, મહેશભાઈ કયારા, સંજયભાઈ વાઘર, પિયુષભાઈ વાઘર વિગેરના માર્ગદર્શન હેઠળ કોલેજના સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી. એચ.એન. શુકલ કોલેજના વાર્ષિક ઉજવણી સમારોહમાં કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ અવનવી કૃતિઓ રજુ કરી લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. જેમાં ભારતીય જનતા પાર્ટીના રાજકોટ લોકસભા મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયના મીડીયા વિભાગના સહસંયોજક રાજન ઠકકરના પુત્ર અને એચ.એન. કોલેજના વિદ્યાર્થી સ્વયંમ્ રાજનભાઈ ઠકકરએ પણ ગરબા રાસમાં પોતાની કૃતિ રજુ કરી હતી.

# માંગરોળ પોલીસે દાદા દાદીની રમઝાન-હોળી સબબ મુલાકાત કરી રાશન કીટ વિતરણ કરી



(યુસુફ ચુડલી દ્વારા)

માંગરોળ તા. ૨૬

માંગરોળ પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.એસ. ડામોરની સૂચનાથી માંગરોળ પોલીસ સ્ટેશનની સી- ટીમ ઈન્ચાર્જ હેડ કોન્સ્ટેબલ સમીનાબેન બેલીમ તથા હંસાબેન પરીયા દ્વારા દાદા -દાદી દોસ્ત પ્રોજેક્ટ અંતર્ગત એકલા રહેતા દાદા દાદીને પવિત્ર રમજાન માસના તહેવાર તેમજ હોળીના તહેવાર સબબ તેમના ઘરે જઈ તમામની મુલાકાત કરેલ તથા તેમના ખબર અંતર પૂછેલ તહેવારમાં તેમને એકલવાયું ન લાગે તે માટે સાંત્વના આપેલ અને તેઓને જીવન જરૂરી રાશન કીટનું વિતરણ કરેલ છે. શિયાળામાં ગરમ ધાબડાનું પણ વિતરણ કરેલ હતું. દર તહેવાર નિમિત્તે મીઠાઈઓ આપી પોલીસ મુલાકાત લે છે.

# • રમઝાન મુબારક •




### લજ્જા

રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું બાળપણ હતું. કાબાની એક ભીંત થોડીક તૂટી ગઈ હતી. લોકો તેનું સમારકામ કરી રહ્યાં હતાં. બાળકો પણ કામે લાગેલા હતાં. પથ્થરોના ટુકડા ખભા ઉપર મૂકીને લાવતા અને ભીંતમાં મૂકતાં. થોડીવારમાં જ્યારે ખભા દુઃખવા લાગ્યાં તો બાળકોએ પોતાની લુંગી ખોલીને ખભા પર મૂકી દીધી અને પથ્થરો ઊંચકીને લાવવા લાગ્યા.

વ્હાલા નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પણ પથ્થર ઊંચકી રહ્યા હતાં. પથ્થરો ઊંચકવાના કારણે તેમનાં ખભા દુઃખવા લાગ્યાં. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના કાકા ત્યાં જ હતા. ભત્રીજાની તકલીફ જોઈ બોલ્યાઃ ‘‘બેટા, તુ પણ તારી લુંગી ખોલીને રાખી લે, જેથી પથ્થર ઊંચકતા સમયે ખભા ન દુખે.’’

કાકાના હુકમનું પાલન કરવા માટે વ્હાલા નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ આવું કરવાનું ઈચ્છયું. આ નિર્લજ્જતા સહન કરવાની શક્તિ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમમાં ન હતી. કેમ કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમતો બાળપણથી જ બહુ શરમાળ હતા. નગ્ન થવું કેવી રીતે સહન કરી શકે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ લુંગી ખોલવાનું વિચારી જ રહ્યા હતા કે શરમના માર્યા બેભાન થઈ ઢળી પડયા. કાકાએ જયારે આ હાલ જોયો તો નગ્ન થવા માટે ના પાડી દીધી.

| | |
|---|---|
| રોઝા | - ૧૫ મંગળવાર |
| ઈફ્તાર | - ૭ : ૦૫ |
| રોઝા | -૧૬ બુધવાર |
| શહેરી | - ૫ : ૩૨ |

### મા–બાપની સેવા

હઝરત સરફુદીન રહ. નામના એક બુઝુર્ગ થઈ ગયાં છે. અલ્લાહની આપ પર કૃપા થાય. તેઓ પોતાના માતા પિતાનો ખૂબ આદર કરતાં. હંમેશા તેઓ તેમનો હુકમ માનતા અને સેવા માટે તૈયાર રહેતાં.

આપના બાળપણના દિવસોની વાત છે. આપની માતા ખાટલા પર સૂઈ રહ્યાં હતાં. એવામાં એમને તરસ લાગી. હઝરતને કહ્યું, ‘‘બેટા ! મને તરસ લાગી છે, મને એક પ્યાલો પાણી આપ". હઝરત હાથમાં પ્યાલો લઈ દોડતાં દોડતાં પાણી લેવા ગયાં. માટલામાંથી પાણી લઈને પાછા ફર્યા તો જોયું કે માં ઊંઘી ગયા છે. હવે શું કરે જો જગાડે છે તો માતાને તકલીફ થશે. એટલા માટે તેમને માતાને જગાડવું યોગ્ય ન લાગ્યું. પાણીનો વાટકો હાથમાં લઈ ખાટલા પાસે ઊભા રહ્યાં. શી ખબર ક્યારે માંની આંખ ઊઘડી જાય અને તેઓ પાણી માંગી લે. સવાર થવામાં હવે થોડી જ વાર હતી. હઝરત એ જ પ્રમાણે પાણી લઈ ઊભા રહ્યાં. આખરે માંની આંખ ખુલી. જુએ છે કે આપ પાણીનો વાટકો લઈ ઊભા છે.

‘‘બેટા ! શું તમે ત્યારથી આ રીતે ઊભા છો ?’’ માં એ પૂછ્યું. હા, માં! હું ત્યારથી જ ઊભો છું, જેથી જ્યારે આપ જાગો ત્યારે પાણી આપી શકું.’’ આપે અદબપૂર્વક જણાવ્યું. આ જવાબ સાંભળી માતા બહુ જ ખુશ થયાં. ભલા અને આજ્ઞાંકિત દિકરા માટે દુઆ કરી. મોટા ?થઈ હઝરત અલ્લાહના એક બહુ જ મોટા વલી થયા.

- ઈસ્લામ દર્શન કેન્દ્ર- જૂનાગઢ

# માણાવદરમાં પરિશ્રમ એકેડેમી દ્વારા 'અનોખું પુસ્તકાલય'નો પ્રારંભ



માણાવદર તા. ૨૬

'વિશ્વ માતૃભાષા દિવસ' નિમિત્તે પરિશ્રમ એકેડેમી-માણાવદરમાં 'અનોખું પુસ્તકાલય'નો પ્રકલ્પ શરૂ થયો છે.

આ કાર્યક્રમમાં પદ્મશ્રી ડો.જગદીશ ત્રિવેદી, પ્રતિષ્ઠાનના મંત્રી એલ.વી.જોશી, વરિષ્ઠ પત્રકાર ધીરૂભાઈ પુરોહિત, નિવૃત્ત આચાર્ય ધીરૂભાઈ સાદરિયા, ડાયેટ લેકચરર ભરતભાઈ મેસિયા સહિત ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે સૌના મનમાં એક વિચાર આવ્યો કે જૂનાગઢના યુવાનો, વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં વાંચન અભિરૂચિ કેળવાય એ માટે કોઈ નક્કર યોજના શરૂ કરીએ. એ સંદર્ભે તા. ૨૦ માર્ચ, બુધવારે આર.એસ.કાલરિયા પ્રાયમરી સ્કૂલ ખાતે એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ ગઈ હતી.

આ બેઠકમાં ડો.માતંગભાઈ પુરોહિત, પ્રિન્સિપાલ ભારતીબેન પરસાણા, હસમુખાબેન, મોહનભાઈ રાજપરા પણ ઉપસ્થિત રહ્યાં હતાં. સૌ મિત્રોએ 'વાંચન વલોણું'ના ઉદ્દેશો અને પ્રવૃત્તિઓ અંગે સકારાત્મક સૂચનો કર્યા હતા. દર મહિને એક વખત આ અંગેની બેઠક કરવી એવો નિર્ણય પણ લેવામાં આવ્યો છે.

ફૂલડોલ ઉત્સવના આયોજનમાં સરકારી તંત્રની સરાહના

# દ્વારકામાં હોળી, ધુળેટી પર્વની ઉજવણીમાં પોલીસ તંત્રનું નક્કર આયોજનઃ વિખૂટા પડેલા ૬૦૦ દર્શનાર્થીઓનું પરિવાર સાથે મિલન કરાવ્યું





(કુંજન રાડીયા દ્વારા)



જામ ખંભાળિયા, તા.૨૬

વિશ્વ વિખ્યાત યાત્રા દ્વારકા ખાતે હોળી, ધુળેટી પર્વને કાળીયા ઠાકોર સંગે મનાવવા માટેનું ઐતિહાસિક મહત્વ છે. ત્યારે દર વર્ષે અહીં ખુબ મોટી સંખ્યામાં ચાલીને આવતા પદયાત્રીઓ તેમજ જુદા જુદા વિસ્તારોમાંથી આવતા શ્રદ્ધાળુઓ માટેની સુંદર વ્યવસ્થા તેમજ સુરક્ષા માટે પોલીસ તંત્ર તેમજ વહીવટી તંત્ર અને મંદિર સમિતિ દ્વારા નક્કર આયોજન કરવામાં આવે છે. આ સમગ્ર આયોજન અહીં આવતા શ્રદ્ધાળુઓ તેમજ યાત્રાળુઓ માટે આવકારદાયક બની રહ્યું હતું.

ફુલડોલ ઉત્સવ મનાવવા માટે દ્વારકા ઉપરાંત કૃષ્ણના રાણીવાસ એવા બેટ દ્વારકા ખાતે ફક્ત હાલાર પંથકમાંથી જ નહીં, પરંતુ સમગ્ર દેશભરમાંથી લાખોની સંખ્યામાં કૃષ્ણ ભક્તો પધારે છે. ત્યારે અહીં આવતા શ્રદ્ધાળુઓની સુરક્ષા તેમજ સવલત અર્થે પોલીસ તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સાબુદ બની રહે તે હેતુથી દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના વડપણ હેઠળ કુલ ૧,૪૦૦ જેટલા પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ વિગેરેનો બંદોબસ્ત જાળવવામાં આવ્યો હતો.

ગત તારીખ ૨૨ માર્ચથી તારીખ ૨૫ માર્ચ સુધીના સમયગાળા દરમિયાન અહીં આશરે ૫,૬૩,૬૪૫ જેટલા દર્શનાર્થીઓએ ભગવાન દ્વારકાધીશ સમક્ષ શીશ ઝુકાવ્યું હતું. જેમાં દ્વારકા તેમજ બેટ દ્વારકા ખાતે લોકોની સેવા માટે રહેલી ખાસ એવી સી-ટીમ, મંદિર સુરક્ષા પોલીસ ટીમ, પોલીસ સહાયતા કેન્દ્ર તેમજ વિવિધ સ્થળો પર પોઈન્ટ વાઈઝ પોલીસ દ્વારા સતત ખડેપગે રહી અને વયોવૃદ્ધ લોકો, બાળકો, બાળકો સાથેના મહિલાઓ દિવ્યાંગો તેમજ અશક્ત ભક્તોની સેવા સાથે સુરક્ષાનું ભગીરથ કાર્ય અવિરત રીતે હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨૪૧૪ દર્શનાર્થીઓને પોલીસ દ્વારા વ્હીલચેર તેમજ પોલીસ જવાનોની મદદથી દર્શન કરાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત પોલીસ સહાયતા કેન્દ્ર અને સી-ટીમ દ્વારા અહીં આવેલા દર્શનાર્થીઓ પૈકી પોતાના પરિવારથી વિખુટા પરી ગયેલા ૬૦૦ જેટલા લોકોની મદદ કરી અને પોતાના પરિવાર સાથે સુખદ મિલન કરાવાયું હતું. આ ઉપરાંત ૫૬ જેટલા દર્શનાર્થીઓનો ગુમ થયેલો કિંમતી સામાન પરત અપાવવામાં પોલીસ તંત્રને સફળતા મળી હતી. આ સમગ્ર વ્યવસ્થા માટે ૯૪ સીસીટીવી કેમેરા, ૩૦ બોડીવોર્ન કેમેરા, વાયરલેસ સેટ, કોમ્યુનિકેશન નેટવર્ક વિગેરેનો ઉપયોગ કરીને આ તમામ સુરક્ષા વ્યવસ્થાને સાબુદ બનાવવા માટે પોલીસને સફળતા મળી હતી. આ રીતે દ્વારકામાં ફુલડોલ ઉત્સવના ભવ્ય અને સુવ્યવસ્થિત આયોજનનો લાભ મેળવીને જુદા જુદા પ્રાંતમાંથી આવેલા દર્શનાર્થીઓએ સંતોષ સાથે પોલીસ તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

## દ્વારકાધીશ જગતમંદિરે ફુલડોલ ઉત્સવમાં ભારે માનવ મહેરામણ ઉમટ્યું





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૬

ભગવાન શ્રીકૃષ્ણની કર્મભૂમિ દ્વારકા નગરીમાં ફુલડોલ ઉત્સવ ભગવાન શ્રી કૃષ્ણની સાથે ઉજવવા ભક્તો ભારતના ખૂણે ખૂણેથી દ્વારકા ઉમટી પડ્યા હતા બપોરે ૨ થી ૩ ના સમય દરમ્યાન મોટી સંખ્યામાં ભાવિકો નાં ધસમસતા પ્રવાહ સાથે જગતમંદિરમાં ફુલડોલ ઉત્સવની અબીલ ગુલાલની પ્રંચડ છોળો સાથે આનંદ ઉલ્લાસ અને ભક્તિભાવપૂર્વક ફુલડોલની ઉજવણી કરવામાં આવી હતી આ ઉત્સવમાં શ્રી કૃષ્ણની બાળલીલાની ગાથાઓ સાક્ષાત ઉજાગર થયેલ.આ નયનરમ્ય દ્રશ્ય અને ભગવાનની લીલાઓનો આસ્વાદ માણવા ગુજરાત સહિત ભારતભરમાંથી શ્રી કૃષ્ણ ભક્તો અને શ્રદ્ધાળુઓના પગપાળા સંઘો દ્વારકા આવી પહોંચેલ હતા. પવિત્ર યાત્રાધામ દ્વારકાનું દિન પ્રતિદિન મહત્વ વધતું જાય છે જેથી જગતમંદિરમાં ઉજવણા અગ્રેસર તહેવારોમાં યાત્રિકો મોટી સંખ્યામાં અહીંયા આવે છે ફુલડોલ ઉત્સવ પણ જગતમંદિરમાં ઉજવાતા અગ્રેસર તહેવારો પૈકીનો હોવાથી હોળી ધુળેટીના તહેવારોનું વિશેષ મહત્વ હોવાથી લાખોની સંખ્યામાં ભાવિકો પગપાળા કરીને દ્વારકા પધારેલ અને ફુલડોલ ઉત્સવનો લાભ લીધેલ હકડેઠઠ જનમેદની વચ્ચે ઉજવાયેલા ફુલડોલ ઉત્સવમાં ભાવિકોએ મન મૂકીને શ્રી કૃષ્ણ ભગવાન સાથે અબીલ ગુલાલ સાથે નિર્દોષ ભાવે ધુળેટી પર્વની વિશેષ ઉજવણી કરી હતી હોળી તથા ધુળેટી નાં આ ઉત્સવમાં દ્વારકાધીશ જગતમંદિરના વારસદાર મહેશ્વરભાઈ પુજારીના માર્ગદર્શન હેઠળ થયેલ. સમગ્ર તહેવારને અનુલક્ષીને દ્વારકામાં હજારોની સંખ્યામાં ભાવિકોએ દ્વારકાધીશના દર્શનનો લાભ લીધેલ આટલી મોટી સંખ્યામાં આવેલા યાત્રિકોમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે દ્વારકાધીશ દેવસ્થાન સમિતિ, દ્વારકા પોલીસ તથા સંબંધિત વહીવટી તંત્ર દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ હતી તેમજ આ ઉત્સવમાં જિલ્લા પોલીસ વડા નિતેશ પાન્ડે પણ હાજર રહ્યા હતા.

## યાત્રાધામ દ્વારકામાં દ્વારકાધીશ જગતમંદિર પરીસર બહાર હોળીકા દહન સમયે ભાવિકોનું ઘોડાપુર ઉમટ્યું




(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૨૪

યાત્રાધામ દ્વારકાના જગતમંદિર પરીસર બહાર પરંપરાગત હોલિકા દહનનો ઉત્સવ યોજાયો હતો જેમાં યાત્રિકો સહિતના લોકોએ ભાગ લીધો હતો આ ઉપરાંત દ્વારકાના અલગ અલગ વિસ્તારો જેવા કે મંદિર ચોક, શાકમાર્કેટ ચોક, ગોમતી ઘાટ, બિરલા પ્લોટમાં આયોજકો દ્વારા હોળી પ્રગટાવી ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી દ્વારકામાં પરંપરાગત જાળવી રાખતા છાણાંની હોળીઓ બનાવવામાં આવે છે અને આ હોળી ઉપર હોલીકા દહનના પોસ્ટરો અને મૂર્તિઓ બનાવી હોળી પ્રગટાવવામાં આવી હતી જેમાં બહેનો દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું

## વિસાવદર ગણપતિ ઉત્સવ સમિતિ દ્વારા ખજૂર-દાળિયા-ધાણીનું વિતરણ કરાયું



(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર તા.૨૬


વિસાવદર ગણપતિ ઉત્સવ સમિતિ દ્વારા વિવિધ દાતાઓના આર્થિક સહયોગથી આજરોજ ઉતાસણી નિમિતે વિસાવદરના હનુમાનપરા, ભરવાડ પા, સતાધાર રોડ, વિસ્તારના જરૂરિયાત મંદ બાળકો,તથા વૃદ્ધોને દાતાઓના સહયોગથી ખજૂર,દાળિયા,ધાણી સહિતના પેકેટો તૈયાર કરીને ગણપતિ ઉત્સવ સમિતિના પ્રમુખ સુરેશભાઈ સાદરાણી, વિસાવદર ટિમ ગબ્બરના એડવોકેટ નયનભાઈ જોશી તથા મિતુલભાઈ પાનસૂરિયા, ધવલભાઈ સોલંકી,પત્રકાર સી.વી.જોશી, તથા વખરીયાભાઈ વિગેરેના હસ્તે વિતરણ કરવામાં આવેલ. આ તકે ગણપતિ ઉત્સવ સમિતિ દ્વારા દાતાઓનો આભાર માનવામાં આવેલ હતો.

## દ્વારકાની ગોમતીઘાટ પરની સૌથી પ્રાચીન હોલિકાનું પૂજન જિલ્લા પોલીસ વડા પરિવાર દ્વારા કરાયું

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૬

ચારધામ અને સપ્તપુરીમાનુ એક એટલે દ્વારિકાધામ. દ્વારકામાં તહેવારો અને ઉત્સવોનું અનેરૂ મહત્વ હોય ત્યારે દ્વારકા યાત્રાધામમાં ગોમતી ઘાટ પરની દ્વારકાની સૌથી પ્રાચીન તેમજ દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા પૂજા તેમજ યજમાન વૃતિ કરનાર શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા સંચાલિત સરકારી હોળીનું ગઈકાલે સૂર્યાસ્ત બાદ જિલ્લા પોલીસ અધિકારી એસ.પી નિતેશ પાંડે પરિવાર દ્વારા વિધિ વિધાનથી પૂજન કરવામાં આવ્યું ત્યારબાદ હોળી પ્રગટાવવામાં આવી.આ પ્રસંગે દ્વારકા તીર્થપંડા પુરોહિત પ્રમુખ દિવ્યપ્રકાશભાઈ ઠાકર, ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ મધ્યસ્થ સભા સદસ્ય ભાર્ગવભાઈ ભટ્ટ,હેમલભાઈ દવે તેમજ અન્ય સદસ્યો,સમસ્ત સૌરાષ્ટ્ર કચ્છ બ્રહ્મ સમાજ મંત્રી ગિરધરભાઈ જોશી,પોલીસ સ્ટાફ વગેરે ઉપસ્થિત રહ્યા.આ પૂજન શાસ્ત્રી ચેતનભાઈ સાતા અને સંજીભાઈ પુરોહિતના આચાર્ય પદે સંપન્ન થયું.અત્રે ઉલ્લેખનીય છે કે દ્વારકાની આ પ્રાચીન હોળી ગોમતી ઘાટ પર વર્ષોથી કરવામાં આવે છે જેમાં સ્થાનિક પ્રશાસન તેમજ અનેક સંસ્થાઓનું યોગદાન હોય છેલ્લા ઘણા વર્ષોથી આ હોળી નું સંચાલન શ્રી દ્વારકા ગુગ્ગુળી



બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા કરવામાં આવે છે.સૌપ્રથમ ગોમતીઘાટ પરની આ હોલિકાનું પૂજન દહન થયા બાદ દ્વારકાની અન્ય હોળીઓ પ્રગટાવવામાં આવે છે.

## ખંભાળિયામાં રંગભીના ધૂળેટી પર્વની ઉમંગભેર ઉજવણી કરાઈ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૬



હોળી બાદ અબાલ-વૃદ્ધ સૌકોઈ માટે ઉમંગના પર્વ એવા ધૂળેટીની ગઈકાલે સોમવારે ખંભાળિયામાં હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. રંગભીના ધુળેટી પર્વને માણવા સવારથી જ ખાસ કરીને બાળકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. જેમાં યુવા હૈયાઓએ એકબીજાને ઈન્દ્રધનુષી રંગો વડે રંગીને "બુરા ન માનો હોલી હૈ"ના પડકારા સાથે રંગી, અને પ્રેમ તેમજ ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. આમ, સોમવારે ધુળેટી પર્વમાં નાના-મોટા સૌ કોઈએ પરિવારજનો તેમજ મિત્ર વર્તુળ સાથે આ રંગોત્સવને મન ભરીને માણ્યો હતો.

ગઈકાલે સોમવારે દિવસ દરમિયાન રજાનો માહોલ જોવા મળ્યો હતો અને નગરજનોએ નજીકના ધર્મસ્થળો તેમજ હારવા-ફરવાના સ્થળોએ જઈને આ ત્રણ દિવસના મીની વેકેશનની મોજ માણી હતી.

## એડવોકેટ આમિર મેમણના દીકરા ફૈયાજ મેમણ નાની ઉંમરે પ્રથમ રોજુ રાખી ખુદાની બંદગી કરી

અમરેલી તા.૨૬



પવિત્ર રમઝાન માસની શરૂવાત થી મુસ્લિમ સમાજ ના યુવાનો વૃદ્ધઓ મહિલાઓ સહીત બાળ રોજેદારો કળકળતા તાપમાં વહેલી સવારે સર્ગી કરી ૧૫ થી ૧૬ કલાક સુધી ભૂખ પ્યાસ ને ત્યાગી ઈબાદત કરી પવિત્ર રમજાન માસમાં ખુદા ને રાજી કરવાનો પ્રયાસ સાથે બંદગી કરી રહિયા છે પવિત્ર રમઝાન માસ માં ખાસ કરીને નાના ભૂલકાઓ રોજા રાખીને ખુદાની બંદગી કરી પોતાના પરિવાર તેમજ દેશ અને દુનિયા માં અમન શાંતિ માટે દુવા ગુજારતા નજરે પડે છે ત્યારે એડવોકેટ આમિર મેમણ ના દીકરા ફૈયાજ મેમણ એ પ્રથમ રોઝુ નાની ઉંમરે રાખી ખુદા ની ઈબાદત કરી છે જેથી પિતા આમીરભાઈ એ નાના બાળ રોજદાર ને દુવાઓ સાથે શુભેચ્છા અભિનંદન પાઠવી દીકરા ને હેત વર્ષા કરી ફુલહાર થી સ્વાગત કરી પવિત્ર રમજાન મુબારક માસમાં બાળ રોઝદાર ને પ્રોત્સહિત કરવાનાં ભાગરૂપે સમગ્ર મેમણ સમાજ શુભેચ્છા અભિનંદન પાઠવેલ.

## માંગરોળની સંજીવની નેચર ફાઉન્ડેશન સંસ્થા દ્વારા ચકલી માળાનું વિતરણ કરાયું



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૬

માંગરોળ પર્યાવરણ અને જીવ સૃષ્ટિ માટે કામ કરતી સંસ્થા સંજીવની નેચર ફાઉન્ડેશન દ્વારા લીમડા ચોક ખાતે હજારો ચકલી ઘર અને પક્ષીઓ માટે પીવાનાં પાણીનાં બાઉલ તથા ચણદાની નું નિશુલ્ક વિતરણ કરવામાં આવ્યું.

સંજીવની નેચર ફાઉન્ડેશન જે સતત અબોલ લાચાર જીવોની રક્ષા માટે સેવારત સંગઠન છે. પર્યાવરણ અને જીવ સૃષ્ટિ એ હિન્દુ સનાતન ધર્મનાં શાસ્ત્રોમાં કહ્યું છે કે એની રક્ષા કરવી એ આપણુ પરમ કર્તવ્ય છે અને એ સૂત્રને ચરિતાર્થ કરતું સંગઠન એટલે સંજીવની નેચર ફાઉન્ડેશન છેલ્લા એક દસકથી વિશ્વ ચકલી દિવસની ઉજવણી આ જ રીતે પર્યાવરણ પ્રેમીઓના સન્માન સાથે ઉજવાય છે આ કાર્યક્રમમા ગદરે મરીન ચોરવાડ, રાઠોડ સાહેબ, જે.જે.સી ફુડના નારણભાઈ ખેતલપાર, ચોરવાડથી મંથનભાઈ ડાભી,મનસુખભાઈ વૈષ્ણવ, પ્રો.ચ્હાવાલા સાહેબ,સંઘના બાબુભાઈ વાજા,દાનાભાઈ ખાંભલા સુદીપભાઈ ગઢીયા અને અનેક કાર્યકર્તાઓની ઉપસ્થિતમા ચકલી દિવસની ઉજવણી કરવામા આવી.વર્ષ દરમિયાન બીચ સફાઈ અભિયાન, વૃક્ષારોપણ તથા પક્ષીઓના બચાવ કાર્યો સંસ્થા દ્વારા કરવામાં આવે છે. કાર્યક્રમનુ સંચાલન રમેશભાઈ જોષી દ્વારા કરવામાં આવેલ.

## ઉના ગુરૂકુલ ખાતે દિક્ષાંત સમારોહ યોજાયો



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૨૬

ઉના ગુરૂકુલમાં શાસ્ત્રી ધર્મપ્રસાદદાસજી આર્ટસ કોમર્સ-બીએડ કોલેજમાં અધ્યેષ્ઠા પુ.માધવદાસજી સ્વામીના અધ્યક્ષસ્થાને દિક્ષાંત સમારોહ યોજાયેલ જેમાં ૩૦૦ છાત્ર-છાત્રાઓ વિદાય લેતા તેઓનું સન્માન કરવામાં આવેલ હતું. વિદાય લેતા ભાઈ-બહેનોએ કોલેજના સૌ ગુરૂજનોનું કુમકુમનો ચાંદલો કરી સ્મૃતિઓ ભેટ કરી હતી. "BEST STUNTS OF COLLEGE" બી,એડ્નાં સોલંકી મમતાબહેન, આર્ટસમાં હિરેનભાઈ ભાઈ લાખણોત્રા, કોમર્સમાં લીંબાણી પૂજાબહેન વરાયાં હતાં. તેમને મોટા સ્વામીએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા અને આશીર્વાદ આપ્યા હતા તેમજ શિલ્ડ અર્પણ કરી નવાજયા હતા. સમારોહનું સભા સંચાલન ગુજરાત રાજય યુવા મહોત્સવના શ્રેષ્ઠ વકતૃત્વકલાને વરેલા ઉદઘોષક ઝાલેરા નિરાલીબહેને કર્યુ હતુ.

## ઉનામાં સુવર્ણબાગ ખાતે શ્રીનાથજી ચારિત્રમૃત તથા માળા પહેરામણી તેમજ ભવ્ય કથાનો કાર્યક્રમ યોજાયો

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૨૬



ઉના ના ધોરડા પરિવાર દ્વારા ગૌસ્વામી શ્રી કૃષ્ણકુમારજી મહોદય શ્રી ના આત્મજ શ્રી આશ્રય કુમારજી મહોદય શ્રી ના સાનિધ્ય માં આયોજન કરેલ શ્રીનાથજી ચારિત્રામૃત કથા, હોલિકે રસિયા નું ભવ્ય થી ભવ્ય આયોજન પ્રથમ વાર કરવામાં આવેલ અને વૈષ્ણવ સંપ્રદાય એ અનોખો લાભ લઈ માળા પહેરામણી,મહારાસ,ફૂલ ફાગ ના રસિયા નું આયોજન ચેતનભાઈ, સંજયભાઈ અને અશોકભાઈ રતિલાલ ધોરડા પરિવાર દ્વારા કરવામાં આવેલ અને ઉના ના મુખ્ય વેપારીઓ તથા વૈષ્ણવ સંપ્રદાય એ અનોખો લાભ લઈ ધન્યતા અનુભવેલ. તથા ઊના ના પી આઈ રાણા તથા સર્વેલાન્સ સ્કોડ એ ખાસ હાજરી આપેલ અને બાવાશ્રી ના આશિર્વાદ લઈ ધન્યતા અનુભવી હતી.

# જૂનાગઢ લોકસભાની બેઠક માટે રાજેશ ચુડાસમાને ત્રીજી વખત ટીકીટ ફાળવતા ટેકેદારોમાં આનંદની લાગણી







(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૬

આગામી લોકસભાની વિવિધ બેઠકોના ઉમેદવારો ભાજપ દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા પરંતુ જૂનાગઢ સહિતની કેટલીક બેઠક માટે ભાજપ પસંદગીનો કળશ કોના ઉપર ઢોળશે તે અંગે અનેક અટકળો અને ચર્ચાઓ ચાલી રહી હતી. દરમ્યાન રવિવારે ભાજપ દ્વારા ૬ ઉમેદવારોની યાદી જાહેર કરી હતી અને જેમાં જૂનાગઢ લોકસભાની બેઠકના ઉમેદવાર તરીકે રાજેશ ચુડાસમાની પસંદગી થતા રાજેશ ચુડાસમાના ટેકેદારોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી. એક તકે જીત પહેલા જ વિજયોત્સવ મનાવવામાં આવ્યો હોય તેવો માહોલ ઉભો થયો હતો.

લોકસભાની ચૂંટણીમાં જૂનાગઢના વર્તમાન સાંસદ અને સતત બે ટર્મથી ચુંટાઈ આવતા રાજેશ ચુડાસમાને આ વખતે ભાજપ દ્વારા ટીકીટ આપવામાં નહી આવે તે અંગે ચર્ચાઓ અને અફવાઓનું બજાર સતત ગરમ રહ્યું હતું. બીજી તરફ જૂનાગઢની બેઠક માટે વિવિધ જ્ઞાતિના દાવેદારો ઉપરાંત કોળી સમાજના બે થી ત્રણ નામો ચર્ચામાં હતા અને જૂનાગઢની બેઠક ઉપર ભાજપ કોને પસંદ કરશે તે અંગેનું સસ્પેન્શ ઘેરૂ થતું જતું હતું. પરંતુ રવિવારે ભાજપે જૂનાગઢની બેઠક ઉપર રાજેશ ચુડાસમાનું નામ જાહેર કરી દેતા તમામ અટકળોનો અંત આવ્યો છે. બીજી તરફ રાજેશ ચુડાસમાને જૂનાગઢની લોકસભાની ટીકીટ મળતા તેમના ટેકેદારોએ આનંદ અને હર્ષ વ્યકત કર્યો હતો. હોળીના તહેવાર ટાંકણે વિજય ઉત્સવ મનાવતા હય તેવો માહોલ સર્જાયો હતો.

વર્તમાન સાંસદ અને જૂનાગઢની બેઠકના ઉમેદવાર રાજેશ ચુડાસમાએ જૂનાગઢ અને ગીર-સોમનાથ જીલ્લાની સતત બેવાર સેવાની તક આપ્યા બાદ ત્રીજી વખત પણ સેવાની જે તક આપી છે તે બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વરીષ્ઠોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ ઉપરાંત તેઓએ જણાવ્યું હતું કે, જૂનાગઢ અને ગીર-સોમનાથ જીલ્લાને વિકાસ કાર્યો અગ્રતા આપવામાં આવશે તેમજ પ્રવાસનની દ્રષ્ટીએ, શૈક્ષણીક રીતે તેમજ ખેડૂતોના પ્રશ્નો, દરિયાઈ વિસ્તારના પ્રશ્નોને અસરકારક રજુઆતો કરી કેન્દ્ર સરકાર દ્વારા પણ આ વિસ્તારો વધુને વધુ લાભ થાય તેવા પ્રયત્નો કરવામાં આવશે. આ સાથે જ આગામી ચૂંટણીમાં પાંચ લાખ મતથી વિજેતા બનવાનો વિશ્વાસ રાજેશ ચુડાસમાએ વ્યકત કર્યો હતો.

# જૂનાગઢમાં ભારે ઉત્સાહ વચ્ચે ‘હોળી’ પર્વની આસ્થાભેર થયેલ ઉજવણી


## ગિરનાર ઉપર બિરાજમાન અંબાજી માતાજી મંદિર પરીસર અને દાતારબાપુની જગ્યા ખાતે હોળી પ્રાગટય સહિત ઠેર-ઠેર હોલીકા દહનના કાર્યક્રમો યોજાયા


















(તસ્વીર : વિજય ત્રિવેદી)

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ શહેરમાં ‘હોળી’ પર્વની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. ગત રવિવારે ગિરનાર ઉપર બિરાજમાન જગત જનની માં અંબાજી માતાજીના મંદિર પરીસર ખાતે ૧૧૦૦થી વધુ શ્રીફળ ગોઠવી અને હુતાસણી કરવામાં આવી હતી. મહંત શ્રી તનસુખગીરીબાપુની નિશ્રામાં પ્રતિવર્ષની માફક હુતાસણી પર્વ ઉજવવામાં આવે છે. જે અનુસાર ગત રવિવારે હુતાસણી પર્વ પ્રસંગે પૂજનવિધી બાદ હોળી પ્રાગટય કરાયું હતું. આ તકે ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને દર્શનનો લાભ લીધો હતો. ગિરનાર ઉપર અંબાજી માતાજીના મંદિર પરીરસમાં હોળી પ્રાગટયા બાદ શહેરમાં ઠેર-ઠેર હોલીકા પૂજન અને હોલીકા દહનના કાર્યક્રમો યોજાયા હતા. જૂનાગઢ નજીક આવેલા ઉપલા દાતાર બાપુની ધાર્મિક જગ્યા ખાતે પણ દાતાર પર્વત ઉપર હોળી પર્વ પ્રસંગે હુતાસણી પ્રગટાવવામાં આવી હતી. દાતાર બાપુની જગ્યાના મહંત પૂ. ભીમબાપુની નિશ્રામાં પૂજનવિધી સાથે હોળી પ્રાગટય કરાયું હતુ અને સેવકોએ દર્શનનો લાભ લીધો હતો. જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારો, શેરીઓ, ચોક, સોસાયટી વિસ્તારોમાં પણ હોળી પર્વની ઉજવણી કરાઈ હતી. નિર્ધારીત સમયે હોલી પ્રાગટય કરવામાં આવ્યું હતું અને લોકોએ, ભાવિકોએ પરિવારજનો સાથે હોળી માતાની પ્રદક્ષીણા કરી પરિવારની, સમગ્ર વિશ્વના કલ્યાણની કામના કરી હતી. જૂનાગઢ શહેરમાં અને જીલ્લામાં સર્વત્ર હોળી પર્વની ભકિતભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી અને ઠેર-ઠેર હોલીકા દહનના કાર્યક્રમો યોજાયા હતા.

# જૂનાગઢમાં ગાંધીગ્રામ વિસ્તારમાં ૫૧ હજાર છાણાની સૌથી મોટી ‘હોળી’ પ્રાગટય સાથે હુતાસણી મહોત્સવની થયેલ ઉજવણી









(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ શહેમાં ગાંધીગ્રામ વિસ્તારમાં હોળી મહોત્સવની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીગ્રામ ગરબી ચોક ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ હુતાસણી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ૫૧ હજાર છાણા ગોઠવી ‘હોળી’ તૈયાર કરવામાં આવી હતી. પૂજન વિધી સાથે હોળી પ્રાગટય કરવામાં આવ્યું હતું. ગાંધીગ્રામ ગરબી ચોકમાં વર્ષો જુની હુતાસણી થાય છે. આ હુતાસણી પર્વ ઉજવણીમાં ગાંધીગ્રામ વિસ્તારની જનતા તેમજ રબારી સમાજ અને સી ડીવીઝન પોલીસ સ્ટેશન સ્ટાફનો પુરેપુરો સાથસહકાર મળે છે. સૌના સહકાર સાથે હુતાસણી પર્વ પ્રસંગે ગાંધીગ્રામ વિસ્તારના રબારીની જોકના યુવા કાર્યકર્તાઓ દ્વારા તન, મન, ધનથી છેલ્લા ૧૨ દિવસથી જહેમત ઉઠાવી રહ્યા હતા. જેમાં સર્વશ્રી ડાયાભાઈ મોરી(પટેલ), નીલેશભાઈ મોરી, ભીમાભાઈ રાડા, રાજાભાઈ મોરી, રાજુભાઈ મોરી, નાથાભાઈ, હિતેષભાઈ, વિરાભાઈ મોરી, હાજાભાઈ મોરી અને કાર્યકર્તાઓની ભારે જહેમત સાથે હોળી પર્વ પ્રસંગે હુતાસણી મહોત્સવ આસ્થાભેર અને ભાવભેર ઉજવવામાં આવ્યું હતું. દરમ્યાન રાત્રીના સાડા અગીયાર વાગ્યે રબારી સમાજની વાડ આવે ત્યારે તો મોટી સંખ્યામાં ભાવિકોનો મહેરામણ હોળી માતાના દર્શન માટે ઉમટી પડયો હતો અને આ વિસ્તારના રહેવાસીઓ તેમજ ભાવિકોએ, નગરજનોએ પરિવારજનો સાથે હોળી માતાના દર્શન કરી સર્વેના કલ્યાણની કામના કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગાંધીગ્રામ ગરબી ચોકમાં નવરાત્રી, હુતાસણી, ગણેશ ચતુર્થી, હનુમાન જયંતિ વિગેરે પર્વની ભાવપુર્વક ઉજવણી કરવામાં આવે છે અને છેલ્લા ૭૦ વર્ષ કરતા પણ વધારે વર્ષથી દરેક તહેવારો ઉમંગ અને ઉત્સાહથી ઉજવવામાં આવે છે.

# જૂનાગઢમાં હોળી પર્વની ઉજવણી પ્રસંગે યુવાનો દ્વારા વ્યસન મુક્તિના સંદેશા સાથે વાલબાપાની ઠાઠડીનો કાર્યક્રમ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૬ : જૂનાગઢ શહેરમાં હોળી પર્વની ઠેર-ઠેર ઉજવણી કરવામાં આવી હતી અને હોલીકા દહનના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. શહેરના વણઝારી ચોક ખાતે પણ હોળી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. વણઝારી ચોક યુવક મંડળ દ્વારા હોળી પર્વ પ્રસંગે વ્યસન મુક્તિનો સંદેશ આપવા માટે વાલબાપાની ઠાઠડી કાઢવામાં આવી હતી અને યુવાનોને વ્યસનથી મુક્ત રહેવાનો સંદેશ આપ્યો. આ કાર્યક્રમોને સફળ બનાવવા વણઝારી યુવક મંડળના કાર્યકર્તાઓએ ભારે જહેમત ઉઠાવી હતી. (તસ્વીર : ધીરૂ સોની)

# ઉના નાલીયા માંડવી ચેક પોસ્ટ પાસેથી રૂા. ૧.૮૧ લાખનો દારૂ ઝડપાયો

ઉના તા. ૨૬

લોકસભા ચુંટણી તથા હોળી-ધુળેટીનાં તહેવાર સબબ પ્રોહીબીશન ડ્રાઈવ અનુસંધાને ઉના નાલીયા માંડવી ચેક પોસ્ટ પાસેથી ફોર વ્હીલ કાર નં. જીજે-૧૯-બીએ-૧૧૪૩નો રોકાવી તલાસી લેતાં ધર્મેશભાઈ સાંખટ રહે. જાફરાબાદ તથા અબ્બાઝભાઈ મન્સુરી રહે. જાફરાબાદનાં કબ્જામાંથી વિવિધ બ્રાંડની ૫૮ બોટલ, બીયરનાં ટીન મળી કુલ રૂા. ૧,૮૧,૭૦૦નાં મુદામાલ સાથે સર્વેલ્સ સ્કવોડે ઝડપી પાડેલ છે.


પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

... 2023-24/01, તા.18-03-2024. ... 07-... 2023-24. ... ₹ 1,39,39,923/-, ... ₹ 2,19,700/-, ... 364003. ... www.ireps.gov.in ... www.ireps.gov.in ... 18-04-2024ના 15:00 ... BVP-189

twitter.com/WesternRly



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.